Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

શાંતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૨૨ • તા. ૨૯ મે ૨૦૧૭ થી ૦૪ જુન ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## શ્રધ્ધાંજલિ

સત્કાર્યો અને ધર્મસેવા દ્વારા જીવનને,
ધન્ય બનાવનારા આપને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી.

## સ્વ. તરલાબેન મણિકાંત ધુલ્લા

જન્મ તા. ૧૨/૦૨/૧૯૪૭ • સ્વર્ગવાસ તા. ૨૧/૦૫/૨૦૧૭

માનવીની સુવાસ એટલે તેની માણસાઈનો મઘમઘાટ...
બુજાઈ ગયો દિપક રહી ગયો અવનીએ ઝગમગાટ...
ઓલવાઈ પ્રજવલિત જ્યોત, મધદરિયે આવી ખોટ...
સંસ્થાને પડી અગણિત ખોટ, પથદર્શક બનશે તમારી કર્મજ્યોત...
આપની યાદોને સંભારણું બનાવી જીવંત રાખશું સદાય...
અમારી પ્રભુને પ્રાર્થના રાખે ઉઘાડા મોક્ષના દ્વાર...
આપનો આત્મા પામે પરમ શાંતિ એજ હૈયે હામ...

KUTCH DISTRICT
મુંજી માતૃભૂમિ કે નમન
KDO CLASSIC

## કેડીઓ કલાસિક
## કેડીઓ કલાસિક ફાઉન્ડેશન
## કેડીઓ કલાસિક યુથ

# ભાવપૂર્વક શ્રદ્ધાંજલી



ગામ
જખૌ

હાલ
મુલુંડ

## અ.સૌ. તરલાબેન મણિકાંત ધુલ્લા

**જન્મ : ૧૨-૨-૨૦૪૭ ● અરિહંત શરણ ૨૧-૫-૨૦૧૭**

**શા. ગોવિંદજી લખમશી ચુરલા (સાંધાણ) ની વહાલસોયી દિકરી**

પ્રેમાળ હતી તમારી જીવનશૈલી, સદગુણો હતા તમ શણગાર...
સુખ દુઃખથી રહ્યા નિરપેક્ષ તમે, દિલથી રહ્યા સદા દાતાર...
સાસરીયા–પિયરીયામાં છવાઈ ગયા તમે, અજવાળી ગયા જીવન અવતાર...
અર્પીએ સ્નેહભીની અંજલી આપને, ભાઈ–બહેનોનો પરીવાર...

**: શોકાતુર :**

મોટા મા : ગં. સ્વ. લક્ષ્મીબેન કેશવજી ચુરલા

ભાઈ–ભાભી : શ્રીમતી કિરણબેન રાજેન્દ્ર ચુરલા, શ્રીમતી મુક્તાબેન ગુલાબચંદ ચુરલા
શ્રીમતી હર્ષાબેન હરીશ ચુરલા, શ્રીમતી દીપલબેન ચંદ્રેશ ચુરલા

ભત્રીજા : અ.સૌ. કાશ્મીરા પ્રેમકુમાર ચુરલા, અ.સૌ. મીનલ પારસ ચુરલા

ભત્રીજી : અ.સૌ. શૈલા નિમેશ નાગડા (નલિયા), અ.સૌ. કવિતા જયેશ લાલકા (લાલા)
અ.સૌ.પંકિત વિશાલ લોડાયા (નલિયા)

બહેન–બનેવી : શ્રીમતી ઉર્મિલાબેન શરદભાઈ મહેશ્વરી (મોટી સીંધોડી)

ભાણેજ : અ.સૌ. સોનલ તરલકુમાર મહેશ્વરી (મોટી સીંધોડી),
ચિ. હરનીશા, તન્વી, ભૂમિ, કેવલ, દ્વિશા, વિવાન

**શા. લખમશી દેવશી ચુરલા સમસ્ત પરીવાર (સાંધાણ)**

# ઋણ સ્વીકાર...



જન્મ
તા. ૧૨-૨-૧૯૪૭

અરિહંત શરણ
તા. ૨૧-૫-૨૦૧૭

## અ.સૌ. તરલાબેન મણીકાંત ધુલ્લા

(ગામ જખૌ - મુલુંડ)

અમારા પરિવારના સમતામૂર્તિ શ્રીમતી તરલાબેન મણીકાંત ધુલ્લાની માંદગીથી અંતિમયાત્રા,
તથા તેમના આત્મશ્રેયાર્થે રાખેલ પ્રાર્થના સભામાં
આપ સૌ સ્વજનો, આત્મીયજનો આપનો અમૂલ્ય સમય ફાળવી અમારી સાથે રહ્યા.
માંદગી દરમ્યાન દરરોજની ભક્તિ ભાવનામાં પધારનારા, સ્વાસ્થ્યની શુભકામના દર્શાવનારા,
પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શ્રદ્ધાંજલી અર્પણ કરનારા,
ફોન, ફેસબુક, SMS, ઈ-મેલ અને વિવિધ માધ્યમો દ્વારા અમને સાંત્વના પાઠવનારા,
સગા-સંબંધીઓ, પાડોશીઓ, વેપારી મિત્રો, મહાજનો, વિવિધ સંસ્થાઓ તેમજ સંઘોના
**અંતઃકરણથી ઋણ સ્વીકાર કરીએ છીએ.**
**આપ સૌ અમારી હૃદયપૂર્વક અભિવંદના સ્વીકારશોજી.**

**: લી. આપના ઋણી :**
**માતુશ્રી ખેતબાઈ હીરજી હરપાર ધુલ્લા સમસ્ત પરિવાર - જખૌ**
**માતુશ્રી ગંગાબાઈ ગોવિંદજી લખમશી ચુરલા સમસ્ત પરિવાર - સાંધાણ**

PRATAP®
Excellency
A-AHAR-KA ANAND®

પ્રતાપ પરિવાર

## સ્નેહભીની સ્નેહાંજલિ



## સ્વ.તરલાબેન મણિકાંત ધુલ્લા

(ગામ : જખૌ - મુલુંડ)

જન્મ : ૧૨-૦૨-૧૯૪૭ ● અરિહંત શરણ : ૨૧-૦૫-૨૦૧૭

માત્ર સ્વજન નહીં, આપ અમારું સર્વસ્વ,
અનેક સુકૃતોથી સુધારી ગયા ભવ,
આપની ચિરવિદાય અમારા માટે હૃદય ચીરતો અનુભવ,
**અરિહંત શરણે ચિરશાંતિ આપે**
**એવું પ્રભુ પાસે માંગુ બળ.**

: લિ. શોકાતુર :

**અ.સૌ. ઉર્વશી વિમલ ખોના**
**અ.સૌ. લીના જયકુમાર ખોના**
**અ.સૌ. હીના નિર્મલ ખોના**
**અ.સૌ. ઈલાક્ષી મેઘકુમાર ખોના**
**પદ્મનાભ ગોવિંદજી ખોના**
**માતુશ્રી નવલબાઈ ગોવિંદજી (મંગલભાઈ)**
**ખોના પરિવાર - કોઠારા**

## હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી



## સ્વ.તરલાબેન મણિકાંત ધુલ્લા

(ગામ : જખૌ - મુલુંડ)

જન્મ : ૧૨-૦૨-૧૯૪૭ ● અરિહંત શરણ : ૨૧-૦૫-૨૦૧૭

અમ હૈયાના કણકણમાં, સદા સજીવન આપ...
વટવૃક્ષ જેવા વિશાળ પરિવારને છોડી અચાનક લીધી તમે વિદાય...
સાગરરથમાં સંભારણા તાજા કરીએ,
તો હૈયે ભીનાશ હજુય સદાય...
તમારા શબ્દો અને સ્મરણ ભીંજવે છે અમારી આંખલડી...
કેમ ભૂલ્યા તમે અમારી વાટલડી...

: લિ. શોકાતુર :

**માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી**
**(ગામ સુથરી)**
**નરેન રાયચંદ કારાણી**
**અ.સૌ. અવની યશોધન કારાણી**
**અ.સૌ. પ્રિયા દિપક કારાણી**
**વર્ષા રાયચંદ કારાણી**

insurancekhoj.com™
the ultimate stop for insurance™

# વેવાણશ્રીને ભાવાંજલિ



જન્મ
૧૨-૦૨-૧૯૪૭

અરિહંત શરણ
૨૧-૦૫-૨૦૧૭

## સ્વ.તરલાબેન મણિકાંત ધુલ્લા

(ગામ : જખૌ - મુલુંડ)

આપના સ્નેહાળ સંબંધ અને આત્મીયતાસભર વહેવાર થકી...

અમે સૌ આપના વેવાણપણાના સંબંધોથી ભાવવિભોર બન્યા...

આપની વિદાયે અમને અશ્રુવિભોર બનાવ્યા,

આપના સ્નેહ, સદભાવ અને સ્મિતતણી ત્રિમૂર્તિ અમ હૈયે સદાય અવિસ્મરણીય રહેશે

આપને ભાવભીના શ્રદ્ધાસુમન અર્પણ કરી

આપ ઉત્તરોત્તર મોક્ષ ગતિને પામો એવી પ્રભુ પાસે અમારી મંગલ પ્રાર્થના.

**અ.સૌ.ચાંદની કપિલ લોડાયા** Lily Building your world **ચિ.જયદિત્ય કપિલ લોડાયા**

**માતુશ્રી હંસાબેન લહેરી ઝવેરચંદ લોડાયા - બાયઠ**

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

# ।। જીવેત શરદ શતમ્ ।।

## શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા
## જન્મદિનની હાર્દિક શુભેચ્છા !

મહત્વનું છે તમે કેવું જીવ્યા
પરંતુ એથીય વધુ એજ કે...
તમે સમાજ માટે જીવ્યા !
સમાજ ઉદ્ધાર આપનો જીવન મંત્ર છે !
તમારા જીવનમાં સદાય
ખુશીના દિવસો ઉમેરાતા રહે...





**શુભેચ્છક**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ
સર્વે પદાધિકારીઓ અને સર્વે સમિતિ સભ્યો

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર
અને તેના સાધારણ ફંડો
સર્વે ટ્રસ્ટીગણ

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

# શ્રદ્ધાંજલી સુમન અર્પણ
## સ્વ. તરલાબેન મણિકાંત ધુલ્લા



એમના હ્રદયમાં સદાય દયા અને પ્રેમ વસતું,
એમના મુખેથી સદાય અમૃતવાણી રહેતી,
એમના નેત્રોમાં સદાય વિનય ભાવ વર્તાતો,
એવા તરલાબેન ધુલ્લાને...
શ્રદ્ધાંજલી સુમન અર્પણ !!!

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ
સર્વે પદાધિકારીઓ અને સર્વે સમિતિ સભ્યો

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના
સાધારણ ફંડો - સર્વે ટ્રસ્ટીગણ

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 22/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શેષ ત્રણ વર્ષની કાર્યવાહીની યોજના-પ્રવૃત્તિઓ જાહેર કરે.

*એકાદ મહીના પહેલાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જાહેરાત કરી છે કે તેમના દ્વારા ભાંડુપની અનંતસિધ્ધિની મિલકતનું ''રીડેવલપમેન્ટ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે''*

*અલબત, ઉક્ત જાહેરાતમાં ટ્રસ્ટીઓએ અનંતસિધ્ધિનાં ''મકાનો''નું રીડેવલપમેન્ટનું કાર્ય હાથ ધર્યાનો ઉલ્લેખ કર્યો છે તે વિધાન ક્ષતિયુક્ત છે. હકીકતમાં, ટ્રસ્ટીઓ ભાંડુપની ઉક્ત સંપૂર્ણ મિલકતનો પુનર્વિકાસ કરવા ઈચ્છે છે તે અર્થ અભિપ્રેત છે. આખી મિલકત કે સમગ્ર જમીનનો પુનર્વિકાસ અને ફક્ત ''મકાનો'' (જાહેરાતમાં બે વખત વપરાયેલ શબ્દ)નો પુનર્વિકાસ – એ બે વચ્ચે ઘણો મોટો તફાવત છે.*

*ટ્રસ્ટબોર્ડની સભાઓની કાર્યવાહી નોંધની મિનિટસ્ બુકમાં સમુચિત શબ્દ પ્રયોગ કે ભાષાનો ઉપયોગ ન કરવામાં આવે તો કોઈ મહત્વના નિર્ણય વિષે વિપરીત અર્થ કે ગેરસમજણ ઊભી થઈ શકે એટલું જ નહિં પરંતુ તેને કારણે, તેવા નિર્ણયના અનુસંધાનમાં ટ્રસ્ટીઓએ જે કાર્યવાહી કરી હોય તે પણ અનધિકૃત ઠરી શકે. ખાસ કરીને, એક પ્રતિષ્ઠિત ટ્રસ્ટની અનેક કિંમતી મિલકતો અંગેની ટ્રસ્ટબોર્ડની સભાની મિનિટસ્ કે જાહેરાતમાં યોગ્ય અર્થપૂર્ણ શબ્દપ્રયોગ થવા જોઈએ તે ખૂબ જ જરૂરી છે.*

*ઉપરોક્ત જાહેરાતમાં વધુમાં જણાવાયું છે કે અનંતસિધ્ધિની રીડેવલપમેન્ટ માટે ''કરવાની જરૂરી કાયદાકીય કાર્યવાહીની પ્રક્રિયા ચાલુ છે'' અને રીડેવલપમેન્ટનું કામ ''ટ્રસ્ટ પોતાના ખર્ચે કરશે'' તે બંને બાબતો હકીકતમાં એક જ સિક્કાની બે બાજુઓ છે.*

*ટ્રસ્ટીઓએ કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી છે તે સર્વથા સરાહનીય છે. 'અનંતસિધ્ધિ' જેવી જ્ઞાતિની લગભગ એક સદીની મિલકત અનેક કાનૂની આયામો ધરાવે છે. તેના ટ્રસ્ટીઓ, મોટી વયના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ સહિત પુરોગામી ટ્રસ્ટીઓ અને કાનૂની વ્યવસાયિકોના સલાહ/સૂચનો મેળવી કાયદાકીય પરિસ્થિતીનો પૂરેપૂરો અભ્યાસ કરશે તેવી આશા રાખીએ.*

*ટ્રસ્ટ આ યોજના પોતાના ખર્ચે કરશે તેની જાહેરાત એ સ્પષ્ટત દર્શાવે છે કે ટ્રસ્ટીઓએ આ પુનર્વિકાસની બાબતે સંપૂર્ણ યોજના તૈયાર કરી લીધી છે. પુનર્વિકાસના આ પ્રકલ્પમાં રહેણાક, હૉલ, ઑફિસ, દુકાન ઈત્યાદિ વિષયે કેટલું બાંધકામ થવાનું છે તેની પ્લાનીંગ સહિતની વિગતવાર માહિતી તેમજ બ્લુ પ્રિન્ટ કે પ્લાન તેવા સઘળા બાંધકામનો ખર્ચ, મ્યુનીસીપલ ફી, ચાર્જીસ, આર્કિટેક્ટ, આર.સી.સી. નિષ્ણાંત વગેરેની ફી જેવી ગણતરી કરીને કુલ ખર્ચની વિગતો સહિતનો પ્રોજેક્ટ રિપોર્ટ ટ્રસ્ટીઓ પાસે ઉપલબ્ધ હશે જ તેમાં અટકળને કોઈ સ્થાન નથી. ઉક્ત જાહેરાતમાં તેમણે જણાવ્યું નથી કે તેઓ ટૂંક સમયમાં આ પ્રકલ્પનું સર્વાંગી ચિત્ર જ્ઞાતિ સમક્ષ રજુ કરશે. તેને કારણે, અલબત, એમ માની લેવાની જરૂર નથી કે તેઓ ઉક્ત પ્રકારની સઘળી વિગતો જ્ઞાતિ સમક્ષ મૂકવા ઈચ્છતા નથી. આશા રાખીએ કે ટ્રસ્ટીઓ આ બાબતે વહેલાસર સકારાત્મક ખુલાસો કરી પોતાના પારદર્શક વહીવટની પ્રતીતિ આપશે.*

*ટ્રસ્ટીઓની કાર્યવાહિની મુદતને હજી ત્રણેક વર્ષ શેષ રહ્યા છે. 'અનંતસિધ્ધિ'ના આ પ્રકલ્પનો પ્રારંભ કરવા પૂર્વે તેમણે અનેક કાનૂની પ્રશ્નો સુલઝાવવા પડશે. આ મિલકત મૂળતઃ મુંબઈ મહાજન હસ્તક સ્કીમ ફંડ ટ્રસ્ટની હતી જે ટ્રસ્ટનું આસરે ૪૫ વર્ષ પહેલાં અનંતનાથજી ટ્રસ્ટમાં વિલીનીકરણ થયું હતું. તે બાબતે મુંબઈ હાઈકોર્ટે ચૂકાદો આપેલ તેનું અર્થઘટન કરીએ તો આ પ્રકલ્પ અંગે મુંબઈ મહાજનની પૂર્વ પરવાનગી લેવી આવશ્યક રહે છે. ટ્રસ્ટીઓ જે કાયદાકીય પ્રક્રિયા કરી રહ્યા છે તેમાં આ મુદ્દો પણ સમાવી લે તે જરૂરી છે.*

*આ પ્રકલ્પ જ્ઞાતિજનોના અનેક કુટુંબોના રહેણાક જેવી મૂળભૂત જરૂરિયાતના પ્રશ્નને સંલગ્ન હોઈ એ ઈચ્છનીય રહેશે કે જ્ઞાતિમાં વાદ-વિવાદ કે સંઘર્ષ જેવી પરિસ્થિતિ ન સર્જાય તે હેતુથી ટ્રસ્ટીઓ આ પ્રકલ્પ શરૂ કરવા પૂર્વે મુંબઈ મહાજનની પૂર્વ પરવાનગી મેળવવાની પણ પ્રક્રિયા પૂરી કરે.*

પારદર્શક વહીવટ માટેનું એક અગત્યનું પાસું એ છે કે વહીવટકર્તાઓ પોતાની પ્રસ્તાવિત યોજનાઓની દરેકે દરેક માહિતી, નિષ્ણાતોના અભિપ્રાય, આર્થિક ક્ષમતા જેવી વિગતો લાભાર્થીઓ અને સર્વોપરી મહાજન સમક્ષ ખુલ્લી કિતાબની જેમ ઉપલબ્ધ કરે.

એ રીતે, ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની અન્ય મિલકતોના પુનર્વિકાસને પ્રાધાન્ય આપવાને બદલે 'અનંતસિદ્ધિ'ની મિલકતના પુનર્વિકાસને શા માટે અગ્રતા આપી તે અંગેની પણ પારદર્શક રજુઆત કરવાની ફરજ છે.

અનંતનાથજી ટ્રસ્ટની કોઈ પણ મિલકત-જમીનનો પુનર્વિકાસ કરવો કે તેનું વેચાણ કરવું કે ભાડે આપવી તેનો નિર્ણય, પાંચ વર્ષ માટે ચૂંટાયેલ કોઈ એક ટ્રસ્ટબોર્ડની મુનસફી-મરજી પર ન છોડી શકાય. એ તો સમસ્ત જ્ઞાતિ અથવા કમસે કમ મુંબઈ મહાજને લેવાનો હોય. આમ થાય તો જ જ્ઞાતિ કોઈ વાદ-વિવાદ કે કોર્ટની કાર્યવાહીમાં અટવાઈ ન થાય તેમજ પુનર્વિકાસ જેવા પ્રકલ્પ અનુગામી કે ભવિષ્યના ટ્રસ્ટબોર્ડ દ્વારા સુગમતાથી જારી રહે.

આશા રાખીએ કે વર્તમાન ટ્રસ્ટબોર્ડ જ્ઞાતિના વિશાળ હિતને અનુલક્ષીને તેની મુદતના શેષ ત્રણ વર્ષમાં કઈ કઈ યોજનાઓ-પ્રવૃત્તિઓ કરવા પ્રયોજે છે તેની અગ્રતાક્રમ, નાણાના સ્ત્રોતોની પ્રવાહિતા કે ઉપલબ્ધતા જેવી સર્વ આનુષાંગિક માહિતી જ્ઞાતિ સમક્ષ રજુ કરી જ્ઞાતિજનોનાં તે બાબતે સૂચનો-મંતવ્યો મેળવવાની તત્પરતા દાખવે. તો જ ટ્રસ્ટીઓ ટ્રસ્ટનો પારદર્શક વહીવટ કરવાનો દાવો સાર્થકપણે કરી શકશે.

રા.


## લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત જન્મ જુલાઈ ૮૯, ઉંચાઈ ૫'૫'',
કુંવારી માંગલિક, M.Com, P1 P2 ભણેલી મોતા ગોત્રીય
યુવતી માટે મુંબઈ સ્થિત યુવકના વડીલો સંપર્ક કરે,
કુંડલીમાં માનીએ છીએ.

**સંપર્ક : ધર્મેશ મોતા : 093222 36890**


## પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| ૫ા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


# અરિહંત બેંક

**શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિ.**

ACBL Estd. 1984

(Since 34 years)

**અમો અમારી ડોંબિવલી શાખાને નવા સ્થળે સ્થળાંતર કરી રહ્યા છીએ જેની અમારા માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી.**

જુનું સરનામું :
શૉપ નં. ૧, રચના પ્રાઈડ, બાબાસાહેબ જોશી પથ,
ફડકે ક્રૉસ રોડ, ડોંબિવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧.

**નવું સરનામું :**
**વિનાયક છાયા બિલ્ડીંગ,**
**(વિદ્યમાન શાખાની પાછળ),**
**બાબાસાહેબ જોશી માર્ગ, ફડકે ક્રૉસ રોડ,**
**ડોંબિવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧.**

**ડોંબિવલી શાખા ઉપરોક્ત નવા સ્થળે તા. ૨૮ મે ૨૦૧૭થી શરૂ કરવામાં આવશે.**


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# લીડરશીપ સમીટ - ૨૦૧૭

લીડરશીપ એટલે એક સમુદાયને સારી રીતે પ્રગતીના માર્ગ ઉપર ચલાવી શકે તેવા નેતા જેનું વીઝન અને Focus clear હોય. લોકોને બરોબર ધારેલું ધ્યેય સમજાવવ શકે, સમુદાય તેને પ્રેમ કરતો હોય. પોતે પોતાની સુઝ-બુઝ, ધૈર્ય, સમજ શક્તિથી સમુદાયને પ્રગતીના પંથ ઉપર લઈ જઈ શકે.




તા. ૧૮/૬/૨૦૧૭ ના સમસ્ત મહાજન દ્વારા લીડરશીપ સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ તો આ વિચાર ને ધન્યવાદ. આપણી જ્ઞાતિ માટે કહેવાય છે કે ૩૦૦૦૦ ની જ્ઞાતિમાં ૨૯૦૦૦ વડીલ અને ૧૦૦૦ સોલીશીટર. આપણે ભણેલા કરતા ગણેલા વધુ છીયે. આપણામાં સમજણ હોય કે નહીં, પણ સામેવાળાને સમજવવામાં તત્પર છીયે. આ સમીટ મધ્યે દિમાગી સંવાદ હશે, તેવું આમંત્રણ પત્રમાં જણાવવામાં આવ્યું છે.

મારા હજીસુધીના સામાજીક જીવનના અનુભવ પ્રમાણે આવી સમીટમાં પધારેલા પ્રતિનિધિઓ પોત પોતાના મંતવ્યો રજુ કરશે, અધિકારીઓ, Observer પોતાનું નિષ્કર્ષ સમીટમાં રજુ કરશે. અને પછી ખાધું-પીધું અને મજા કરી એવું ન થવું જોઈએ. જ્ઞાતિ સમક્ષ રોટી (આવક, તેના સાધનો વધારવા, તક વધારવી, Business operating નું વાતાવરણ ઉભું કરવું, તેનું ભંડોળ કે તેની રૂપરેખા બનાવવી વગેરે), મકાન-મેડીકલ અને શીક્ષણ ની જરૂરીયાત છે. આ જરૂરીયાત સહુ ને વિદિત છે. આ લીડરશીપ સમીટ વ્યર્થ ન જાય, લોકો/પ્રતિનિધી પધારે તેમનો Valuable સમય વ્યર્થ ન જાય તે જોવું જ રહ્યું.

મારા મંતવ્ય પ્રમાણે હમણા દેશભરમાં Low cost housing ની ચર્ચા ચાલી રહી છે. સરકાર તરફથી ઘણી જ સવલતો અને સહાયતા મળી રહી છે. લોનના વ્યાજમાં પણ સબસીડી છે. આપણી જ્ઞાતિ પાસે, અનંતનાથ ટ્રસ્ટ પાસે કાંજુરમાર્ગનો પ્લોટ છે. (હમણાં CRZ Rule/regulation માં અટકાયેલો છે) પણ BJP ની સરકાર છે, લાગવગ વાપરી, સામ-દામ-દંડ ની નીતી થી જો આ પ્લોટ આપણાં જ્ઞાતિજનો માટે Low cost housing માટે મળી શકે તો આના જેવું ઉત્તમોત્તમ કામ કાંઈ જ નથી. આપણે સહુ ભેગા થઈ આ કામ કરી શકીયે છીયે. શરૂઆત તો થઈ શકે જ. તેવી જ રીતે હોપ ૧૦૦૦ નો ડોંબિવલી મધ્યેનો પ્લોટ હોલ્ડરનો પ્લોટ કાંઈક દુવિધામાં અટવાયેલો છે. નવેસર થી શરૂઆત કરી, ડાહ્યા માણસો સાથે બેસી આ જટિલ કોકડા ને સુલઝાવી શકાય જેથી વર્તમાન પ્લોટ હોલ્ડર્સ ના પૈસા છુટા થાય અને બાકી લોકોને ખરેખર ઘર મળે. આ માટે ખરેખર સમસ્ત મહાજનને લીડરશીપ બતાવવી જોઈએ. અશક્ય કાંઈ જ નથી. હકારાત્મક અભિગમની જરૂર છે. ઈર્ષા - અદેખાઈ-ઈગો ને બાજુમાં રાખી, મહાજનની જાજમ ઉપર બેસી, અનંતનાથ દાદાનું નામ લઈ આગળ વધીયે તો ૧૦૦% પરિણામ સારું જ આવે.

આવું જ મુંબઈ મહાજનની ૮૦/૮૫ ટકા તૈયાર થઈ, ઉભી રહેલી મહાજનવાડી. જુનું શું થયું? શુ કામ થયું? કોણે શું કર્યુ? તે છોડી ને જ્ઞાતિના શ્રેષ્ઠીઓ/દાનવીરો પાસે થી ફંડ/લોન ઉભા કરી બાકી નું કામ જલ્દી થી પૂર્ણ થઈ શકે. આનાથી જેમણે હજી સુધી દાન આપ્યું છે તે દાનવીરો, ટનટનપુરા વાડીના ટ્રસ્ટીઓને પણ ન્યાય મળશે અને મહાજન ની આવક શરૂ થઈ જશે.

હજી એક જરૂરીયાત મેડીકલ ક્ષેત્રે, તે માટે એક કોર ટીમ બનાવી, ફંડ ઉભુ કરી, દેશ-દેશાવરમાં હૉસ્પિટલ-Diagnosis Center સાથે TIEUP કરી સેવાભાવી ડૉક્ટરો ની સલાહ-સુચન માટે ટીમ બનાવી, તકલીફ ના સમયે જ્ઞાતિજનોની મદદ કરી શકીયે છીયે.

છેલ્લે આ લીડરશીપ સમીટ માં આવેલ વિવિધ મહાજનોના ટ્રસ્ટી મહોદયો/અધિકારીઓ કયા ને ક્યા સામાજીક ક્ષેત્રે આગળ પડતું કામ કરી રહ્યા છે જરૂર છે બધાને ભેગા થવાનું, Responsibilities વહેંચવાની અને ખભે-ખભા મિલાવીને કાર્ય કરવાનું, કાંઈક ક્રોંક્રીટ કામ થાય તે માટે આ લાંબુ લખાણ લખ્યું છે.

''જ્ઞાતિ મારા માટે શું કરી શકે તે નહિં પણ હું જ્ઞાતિ માટે શું કરી શકું'' તેવી વિચારધારાના પ્રણેતા જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા ને વંદન કરી મારા વિચારોને હમણા વિરામ આપું છું. જય જ્ઞાતિ મૈયા.

**કુમાર બાબુભાઈ દંડ**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ આયોજીત**

**સમુહલગ્ન ૨૦૧૭**

તા. ૧૦/૧૨/૨૦૧૭ ના સમુહ લગ્ન કચ્છ ભુજ/ગાંધીધામમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓએ ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

**: સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| પ્રબોધ મુનવર (ભુજ) | : ૯૯૨૫૧૬૯૮૭૬ | શાંતિલાલ લોડાયા (વડોદરા) | : ૯૮૨૪૦૧૨૯૭૧ |
| અરવિંદ લોડાયા (ગાંધીધામ) | : ૯૮૨૫૬૩૪૬૪૯ | લક્ષ્મીચંદ દંડ (ખંડવા) | : ૯૯૭૭૫૫૦૧૧૦ |
| વિરચંદ ખોના (વાશી) | : ૯૮૭૦૯૮૯૦૦૫ | ચેતન લોડાયા (કોચીન) | : ૯૮૪૬૨૬૮૭૭૭ |
| ચંદ્રેશ છેડા (રાયપુર) | : ૯૪૨૫૨૧૩૫૪૦ | કુસુમકાંત લાલકા | : ૯૩૨૩૯૬૧૬૧૭ |
| વિરેન્દ્ર લોડાયા (મુંબઈ) | : ૯૮૨૧૦૭૩૮૩૦ | કિરણ દંડ (મુલુંડ) | : ૯૮૩૩૮૦૮૨૪૪ |
| ચંદ્રેશ લોડાયા (અમદાવાદ) | : ૯૮૨૪૦૧૪૯૪૭ | | |

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**
**કિરણ દંડ - પ્રબોધ મુનવર**

# લીડરશીપ સમીટ : સહિયારું લાંબા ગાળાનું દૃષ્ટિબિંદુ વિકસાવવાનો નમ્ર પ્રયાસ

કુમારભાઈ દંડે લીડરશીપ સમીટ અંગે પોતાના વિચારો ચર્ચા પત્રરૂપે પ્રકાશ સમીક્ષામાં પ્રગટ કરવા મોકલ્યા તે પ્રકાશ સમીક્ષાએ જાહેરમાં મૂકતા પહેલા મને પણ એ બાબત મારા વિચાર મૂકવાની જે તક આપી તે બદલ પ્રકાશ સમીક્ષાનો ખૂબ ખૂબ આભાર.

કુમારભાઈ હું જેમને વિશે આદર ધરાવતો હોઉં એવા પીઢ નેતા છે અને તેમણે જ્ઞાતિની વર્તમાન અગ્રતાઓ વિશે જે મુદા માંડ્યા છે તેમાં મહદ અંશે સહમત થાઉં છું.

અલબત્ત, અત્યારે મારા સૂચનને આધારે જે કાંઈ થઈ રહ્યું છે તે જરા હટકે છે તે સમજાવવાનો પ્રયાસ કરીશ.

કુમારભાઈએ પોતાના લખાણના પ્રથમ ફકરામાં જ સ્પષ્ટ વિઝનવાળા કોઈ એક નેતા દ્વારા દોરવાવાની વાત કરી છે. જે આજના જમાનામાં સુસંગત કેટલી છે તે વિચારવા લાયક પ્રશ્ન છે.

આજે વ્યવસાય ક્ષેત્રની કંપનીઓ જે પોતાને ટાટા પરિવાર, રીલાયન્સ પરિવાર, ઈન્ફોસીસ પરિવાર, વીપ્રો પરિવાર તરીકે સંગઠિત કરવા ચાહે છે તેઓ પ્રોફેશનલની મદદથી જે પધ્ધતિ અપનાવી પોતાનું લાંબા – મધ્યમ – ટુંકા ગાળાનું સહિયારું દૃષ્ટિબિંદુ (વિઝન) તૈયાર કરે છે તે જ પદ્ધતિ અપનાવવાનું મેં સૂચવ્યું છે.

દરેક મહાજનના પ્રમુખ, સેક્રેટરી તથા યુવા – મહિલા આગેવાનને લીડર માન્યા છે. દરેક મહાજનના મુખ્ય હિતેચ્છુ પાસે ઓબ્ઝર્વર કે નિરીક્ષક તરીકે, આ લીડરો જે દિશામાં દૃષ્ટિબિંદુ ઘડતરની પ્રક્રિયાને લઈ જતા હોય તેમાં પુરક ભૂમિકા ભજવવાની અપેક્ષા રાખી છે.

દરેક મહાજનને ૧૨ મુદાઓવાળી પ્રશ્નોત્તરી મોકલાઈ છે તેના આધારે સહિયારું દૃષ્ટિબિંદુ ઘડવાની વાતચીત પ્રોફેશનલોના સહયોગથી આગળ વધશે.

આ કોઈ એક નેતા કે કોઈ એક મહાજનનું નહીં પણ સહિયારું વિઝન સહિયારા સહભાગથી તૈયાર થયેલું હશે.

હું ઈચ્છું છું કે સૌ કોઈ વિજન, કાર્યક્રમ અને પ્રવૃત્તિનો ભેદ અને આંતરસંબંધ સમજી લે.

કોઈપણ સમુદાય કોઈપણ વખતે અભાનપણે અનેકવિધ પ્રવૃત્તિ કરતો હોય છે જેનો પ્રભાવ બહુ વિશાળ–ગહન નથી હોતો અને પ્રવૃત્તિ સામાન્ય રીતે એકી વખતે એકી સ્થળે થતી હોય છે.

જ્યારે સહિયારા દૃષ્ટિબિંદુથી સભાનપણ પ્રવૃત્તિ થાય, એક સ્થળે કે એક સમયે જ નહીં અનેક સ્થળે કે અનેક સમયે પ્રવૃત્તિઓ થાય તો આપણે તેને કાર્યક્રમ હાથ ધરાયો કે ઝુંબેશ શરૂ કરાઈ એમ કહીએ છીએ. તે વધુ ફળદાયી હોય છે.

સહિયારું દૃષ્ટિબિંદુ કેળવવાથી પ્રવૃત્તિઓ છૂટી છવાઈ રહેવાને બદલે સંકલિત રીતે થાય છે અને આ જ સમસ્ત પ્રેરિત કે.ડી.ઓ. સમિટનો ઉદેશ્ય છે.

આશા નહીં શ્રધ્ધા છે કે કુમારભાઈ જેવા સમજદાર આગેવાનને આ ગમશે અને તેઓ આ જરા હટકે વાતના આલોચક નહીં, સમર્થક થઈ મારા, અમારા કામમાં નોંધપાત્ર ફાળો આપશે.

રહી વાત માત્ર ખાઈ પીને છૂટા પડવાની તો કમ સે કમ મને તો લાગે છે કે જ્ઞાતિના પીઢ આગેવાનો આવનારા સમયમાં શૂન્યાવકાશ ન સર્જાય તે માટે યુવા પેઢીને નેતૃત્વ લેવા આકર્ષવા કંઈક હટકે કરવા ઉત્સુક છે અને તેની શરૂઆત આ સમીટથી થશે.

હું આયોજકો વતી નાતને ખાતરી આપું છું કે જે કાંઈ થઈ રહ્યું છે તે પૂરતી ગંભીરતાથી થઈ રહ્યું છે અને નિશ્ચિતપણે તેના સારા પરિણામ આવશે. જરૂર છે કંઈક નવાને આવકારવાની, તેનાં ભાગ બનવાની.

– નિશીથ દંડ

**શ્રી શાંતિનાથ દાદા નમઃ**

સાંધવ ગામના શ્રી ભલારાદાદા અને દંડ પરિવારની કુળદેવી શ્રી સચ્ચાઈમાં શ્રી દેસરમાં શ્રી ચારણમાં ધ્વજા મહોત્સવ અને ગંધી અને પિતૃપાઠ કારતક સુદ ૧૩-૧૪ તા. ૨-૧૧-૨૦૧૭ થી ૪-૧૧-૨૦૧૭ માં રેખેલ છે. દંડ પરિવારના ભાવિકોને આવવા ભાવભર્યું આમંત્રણ. જે આવવાના હોય તે ભાવિકોને ફોન કરવા વિનંતી. જ ે થ ી તેમની રહેવાની સગવડ સાચવી શકાય.

**ધ્વજા, ગંધી અને પિતૃપાઠનો લાભ લેવા જરૂરથી સાંધવ પધારશો.** આવનાર ભાવિકોએ પોતાની આવવા જવાની વ્યવસ્થા પોતાના હિસાબે કરવાની રહેશે.

રાયચંદભાઈ દંડ – ૯૩૨૧૩ ૧૬૫૮૮,
મહેશભાઈ દંડ – ૯૭૬૯૨ ૬૦૭૩૯,
મુકેશભાઈ દંડ – ૯૪૨૬૮ ૦૧૪૩૩,
રાજેશભાઈ દંડ – ૯૩૨૧૧ ૨૯૬૯૬

**અનંતનાથ કોમ્પલેક્ષમાં રૂમ ભાડેથી આપવું છે**

**કાંજુરમાર્ગમાં અનંતનાથ કોમ્પલેક્ષમાં**

**1 RK રૂમ ભાડેથી આપવું છે. ૧ રૂમ રસોડું**

**સંપર્ક : લક્ષ્મીચંદ શાહ**

૯૮૨૧૦ ૬૫૭૦૯ / ૮૦૮૦૨ ૦૯૦૫૦

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**આરોગ્ય માટે ઉપયોગી માહિતી – ૨**

૬) તુલસી : તુલસીના પાન ઔષધીય ગુણોથી પરિપૂર્ણ છે કદાચ એટલે જ આપણા પૂર્વજોએ તુલસીના છોડ અને પાનને પવિત્ર અને પૂજનીય ગણ્યાં છે. તુલસીના પાન ખાવામાં, પ્રસાદનો અને દવા તરીકે સદીઓથી હિંદુઓ વાપરતા આવ્યા છે.ધન્વંતરીના મતે તે તીખી, કડવી, પચવામાં હલ્કી અને ગરમ છે. ઉગ્ર વાયુ, કફનો નાશ કરે છે. કૃમિદોષ નાશ કરે છે. ખોરાકમાં રૂચિ ઉપજાવે છે, જઠરાગ્નિ વધારે છે અને ભૂખ લગાડે છે. પિત્ત કરનારી છે પણ હૃદયને માટે સારી છે.

તુલસી જ્યાં હોય ત્યાં મચ્છર અને સાપ રહેતા નથી. શરીરને ઉપયોગી એવા યુજીવેલ, કાર્બાકાલ, બીજાટ્રાલ, ચેવીકાલ વગેરે તેલો એમાં છે. આધુનિક વૈજ્ઞાનિકોએ શરીરના આરોગ્ય માટે ઉપયોગી એવા ૪૦ કેમિકલ્સ એમાં છે એમ હવે શોધી કાઢ્યું છે.

તુલસીના પાંચ થી દસ પાન ધોઈને ચાવવાથી, શરદી ઉધરસથી લઈને હૃદયની બિમારીઓ સુધી અનેક બિમારીઓથી બચી શકીએ અને લાગુ પડી હોય તો તેમાં રાહત મેળવી શકીએ.

લીંબુના રસમાં પુષ્કળ વિટામીન ‘સી’, ફાયબર અને બીજા ઉપયોગી તત્વો છે. હુંફાળા પાણી સાથે નિયમિત સવારે નરણે કોઠે લેવાથી શરીરની ખોટી ચરબી ઘટે છે, રક્તવાહિનીઓ જાડી થતી અટકે છે, હાઈ બી.પી. ઘટે છે, હૃદય નિરોગી રહે છે. તુલસી અને લીંબુનો એક નિર્દોષ પ્રયોગ કરવા જેવો છે. એક ગ્લાસ સહેજ હુંફાળા પાણીમાં એક આખા લીંબુનો રસ અને તુલસીના ૨૫ પાંદડાનો રસ મેળવી સવારે ખાલી પેટે પીવાથી શરીરની ખોટી ચરબી, ચરબીની ગાંઠો (લાયપોમા) ઓછી થાય છે, રક્તવાહિનીઓમાં અવરોધ ઓછો થાય છે, હૃદયને પુષ્કળ ફાયદો થાય છે અને શરીરની બીજી ગાંઠોમાં પણ ઘટાડો થાય છે.

તુલસી ગરમ છે તેથી જેમને ગરમ પડતી હોય તેમણે આ પ્રયોગમાં પાંચ થી દસ પાન જ લેવા.

૭) કાજુઃ કાજુમાં વિટામીન બી ખૂબ માત્રામાં હોય છે અને પ્રોટીન પણ ભરપૂર હોય છે. બધાજ કવચવાળા ડ્રાયફ્રુટમાં કાજુ સૌથી વધુ પ્રોટીન ધરાવે છે અને આ પ્રોટીન બહુ જ ઝડપથી, ઉત્તમ પ્રકારે પચી જાય છે. કાજુ ગરમ છે તેથી રોજ ૩ થી ૫ જ કાજુ લેવા વધુ નહિં. બાળકોને ઉંબર મુજબ ૨ થી ૩ કાજુ જ ખાવા આપવા. કાજુ ખાવામાં ટેસ્ટી હોવાથી વધારે પ્રમાણમાં ખવાઈ જાય છે જે નુકશાન કરી શકે. કાજુ વધારે માત્રામાં લેવાય તો નસકોરી ફૂટવી, દાહ, એસીડીટી થઈ શકે. અલ્સરની ફરીયાદ રહેતી હોય તેમણે ટાળવા કે વધુ પ્રમાણમાં ન ખાવા. વધારે પ્રમાણમાં કાજુ ખાવાથી અથવા તળેલા કે નમકીન ખાવાથી હાઈ બી.પી., હાઈ કોલેસ્ટ્રોલ, હૃદયરોગીને નુકશાન કરી શકે. કાજુ, દ્રાક્ષ, સાકર કે ખડીસાકર સાથે ખાવાથી વધુ લાભપ્રદ થશે અને એટલા ગરમ નહીં પડે. (ડાયાબીટીસવાળા એ સાકર લેવી નહિં)

કાજુમાં પ્રોટીન, વિટામીન સી અને ઇ૨ રહેલા છે. તેથી વજન વધારવા કાજુ અને દ્રાક્ષ (કીસમીસ) સરખા ભાગે લાંબા સમયસુધી નિયમિત લેવા. કાજુમાંથી મગફળીની જેમ દૂધ પણ બનાવી શકાય જે સ્વાદિષ્ટ, પાચક, પચવામાં ખૂબજ હળવું અને પૌષ્ટીક હોય છે.

કાજુને ચાર કલાક પાણીમાં પલાળી, વાટી, કપડે ગાળી દૂધ મેળવી શકાય છે. આ જ દૂધમાં મેળવણ નાખી દહીં બનાવી ખાવાથી અશક્તિ, દુર્બલતામાં ખાસ ઉપયોગી છે. યાદ શક્તિ, મગજશક્તિ વધારવા દર શિયાળામાં સવારે ખાલી પેટે ચાર-પાંચ કાજુ ખાવા. બાળકોએ ૧-૩ નંગ કાજુ ખાવા. કાજુનું તેલ, ઑલિવ ઑઈલ (જૈતુન તેલ) કરતાં શ્રેષ્ઠ ગણાય છે.

સફેદ દાગ (લ્યુકોડર્મા) ની તકલીફવાળાએ રોજના ૪ થી ૫ કાજુ ખાવા અને કાજુનું તેલ અને કોપરેલ સરખા ભાગે મેળવી લગાવવું. પગમાં ચીરા પડ્યા હોય તો કાજુનું તેલ, કોકમના તેલની જેમ જ માલીશ કરવાથી લાભ થાય છે.

૮) પાકી કેરી – આંબા : ફળોના રાજા આંબામાં પોષણ, સ્વાદ અને સુગંધની દૃષ્ટિએ હાફુસ અને કેસર શ્રેષ્ઠ છે. એમાં પ્રચુર માત્રામાં કેરોટીન હોય છે જેમાંથી શરીરમાં વિટામીન **A** બને



# જ્ઞાતિ સંસ્થાઓને લાગુ પડતા બજેટ ૨૦૧૭ના ફેરફારો અને તે અંગે આપણી સુસજ્જતા

કેન્દ્રીય બજેટ-૨૦૧૭ પછી તો આવકવેરાના કાયદામાં પણ ઘણાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જે આપણી જ્ઞાતી સંસ્થાઓ ને પણ લાગુ પડશે. તે નીચે મુજબ છે.

(૧) **કલમ – ૧૧ :** જ્યારે એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને સ્વૈચ્છિક દાન આપે તે રકમને એપ્લીકેશન ઓફ ઈન્કમ ગણવામાં આવે છે. આ કલમ ઉમેરવામાં આવેલ એકસપ્લેશન – ૨ મુજબ, ટ્રસ્ટની ચાલુ વર્ષની આવકમાંથી અન્ય ટ્રસ્ટને ''કોપર્સ ડોનેશન'' આપતા આ ચુકવણી એપ્લીકેશન ઓફ ઈન્કમ ગણવામાં આવશે નહી.

(૨) **કલમ – ૧૨ એ :** જ્યારે કોઈ ટ્રસ્ટને કલમ ૧૨-એ એ નીચે રજીસ્ટ્રેશન આપવામાં આવ્યુ હોય કે કલમ ૧૨-એ નીચે ટ્રસ્ટે રજીસ્ટ્રેશન લીધું હોય અને તેને તેના ઓબ્જેક્ટમાં સુધારો કર્યો જે રજીસ્ટ્રેશન મેળવતી વખતે જણાવેલ ઓબ્જેક્ટ થી જુદો હોય તો, આવા શખ્શોએ નિયત ફોર્મ માં આવા ઓબ્જેક્ટને સ્વીકારવાની તારીખ થી ૩૦ દિવસમાં અરજી કરવાની રહેશે. (મતલબ કે નવેસરથી રજીસ્ટ્રેશનની પ્રક્રીયા કરવી પડશે)

આવા ટ્રસ્ટે ૧૩૯ (૪ એ) ની નિયત મર્યાદામાં આવકવેરાનું રીટર્ન ભરવાનું રહેશે. (એટલે કે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ભરવાનું રહેશે.)

(૩) **કલમ – ૮૦ જી :** આ કલમની પ્રવર્તમાન જોગવાઈ મુજબ, રૂા. ૧૦,૦૦૦/- થી વધુ રકમનું ડોનેશન રોકડ સિવાય અન્ય મોડેથી ચુકવવામાં આવ્યું હોય તો જ બાદ મળવા પાત્ર છે. આ કલમમાં કરવામાં આવેલ ફેરફાર મુજબ, જો આવું ડોનેશન રૂા. ૨૦૦૦/- થી વધુ હશે અને રોકડેથી ચુકવવામાં આવ્યું હશે તો, તે બાદ મળશે નહીં.

(૪) **કલમ – ૧૩૩ એ :** હાલની પ્રવર્તમાન જોગવાઈ મુજબ સર્વેની કાર્યવાહી કરદાતાની ધંધાની જગ્યા અથવા કરદાતાના હિસાબી ચોપડા જ્યા રાખવામાં આવે ત્યાં આવી કાર્યવાહી કરવાની સત્તા આ કલમ નીચે આપવામાં આવી છે. આ કલમમાં કરવામાં આવેલ સુધારા મુજબ, ચેરીટેબલ હેતુ માટે જે જગ્યાએથી કાર્યવાહી કરવામાં આવી હોય તે જગ્યામાં પણ સર્વેની કાર્યવાહી કરી શકાશે.

આ સિવાય પણ અન્ય થોડી ઘણી ટ્રસ્ટને લાગતી જોગવાઈઓમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે. તો શું આપણી જ્ઞાતિ સંસ્થાઓ તથા તેના ટ્રસ્ટીઓ આ બધા ફેરફારનો ઉચીત રીતે પાલન કરવા સક્ષમ છે ખરા?

શંકા કરવાનું કારણ એટલા માટે છે કે મોટા ભાગની જ્ઞાતિ સંસ્થાઓમાં આપણા જ ભાઈઓ મહેતાજી અથવા તો એકાઉન્ટન્ટ તરીકે સેવા આપતા હોય છે, તે પણ મોટા ભાગે માનદ વેતન પર જ. જેના લીધે તેઓ પોતાની અનુકુળતા મુજબ કામ કરતા હોય છે, નહીં કે કાયદાની સમય, મર્યાદામાં.

આ સંજોગોમાં અત્યાર સુધી આપણે જોયું છે કે પ્રકાશ સમીક્ષામાં નવેમ્બર, ડિસેમ્બર કે ઘણી વખત તો માર્ચમાં આગલા વર્ષના ઓડીટેડ હિસાબ મંજુર કરવા સામાન્ય સભા બોલાવવાની નોટીસ પ્રસીધ્ધ કરવામાં આવે છે.

મતલબ કે આવી બધી સંસ્થાઓના ટ્રસ્ટીઓએ પોતાની કાર્યપધ્ધતી બદલવી પડશે... બદલી શકશે...? ફરી શંકા કરવાનું કારણ એ છે કે, દા.ત. મહારાષ્ટ્રમાં ચેરીટી કમીશનના કાયદામાં થયેલ ફેરફાર મુજબ દરેક સંસ્થાએ વર્ષની શરૂઆતમાં બજેટ બનાવીને પ્રકાશીત કરવું તથા વર્ષભર તે બજેટ મુજબ કાર્ય કરવું જરૂરી છે. તે છતા મહારાષ્ટ્રમાં રજીસ્ટર્ડ થયેલી કેટલી સંસ્થા આ પ્રમાણે કરે છે...? અત્યાર સુધી આવું રગશીયું ખાતું હતું, પણ હવે આ ટેકનોલૉજીના જમાનામાં તથા મોદીના રાજમાં જો આપણે, આપણા ટ્રસ્ટીઓ તથા સંસ્થાઓ અપગ્રેડ નહીં થઈએ તો, કદાચજ જ્ઞાતિ માટે ઘણું મોડું થઈ જશે.

**લી. ચંદ્રેશ પદમશી છેડા, વડોદરા**
**૦૯૮૨૫૫ ૩૩૯૮૦**

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

અનંતનાથ ટ્રસ્ટ સાથે સંકળાયેલ બધી જ્ઞાતિ મિલકતોમાં હવે જિનાલયોની વ્યવસ્થા થઈ છે એ અંગે જ્ઞાતિને શુભેચ્છા આપતા સંબંધિત સ્થાનિકોને ભાવભરી આરાધનાની અનુમોદના...
– ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN, JHARKHAND



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**દ્વારા આયોજીત**

**દિકરીઓનો પ્રવેશ** શનિવાર, તા. ૩/૬/૨૦૧૭ ની સાથે સાથે
**વિવિધલક્ષી જ્ઞાનવર્ધક તાલિમ શિબીર** તા. ૩,૪,૫ જુન ૨૦૧૭
આ શિબીરના લાભાર્થી માતુશ્રી દક્ષાબેન હંસકુમાર છેડા પરિવાર હસ્તે
શ્રીમતી અલ્પા ભાવિક છેડા (ભુતપૂર્વ વિધાર્થીની) ગામ સુજાપૂર હાલ ભાંડુપ અને
શ્રીમતી ભારતી રોહિત મણિલાલ ધરમશી (ભુતપૂર્વ વિધાર્થીની)
હસ્તે અક્ષિત રોહિત ધરમશી ગામ નાનીખાવડી - હાલ ડોમ્બીવલી

વ્હાલા શિક્ષણપ્રેમી જ્ઞાતિજનો

જય જીનેન્દ્ર, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ની શરૂઆત ખુબજ આનંદપૂર્વક થઇ રહી છે. દિકરીઓને પોતાના ભણતર સાથે જીવનના ઘડતરને આગળ ધપાવવા તા. ૩ જુન ૨૦૧૭ ના રોજ સંસ્થામાં પ્રવેશ આપવામાં આવશે સાથે સાથે દિકરીઓને શિક્ષણ સાથે વ્યવહારું જ્ઞાન અને તાલિમ મળે એ અતિ આવશ્યક છે. પરંપરાને જાળવી રાખતા સંસ્થા દ્વારા તા. ૩,૪,૫ જુનના રોજ વ્યવહારું જ્ઞાન સાથે વિવિધલક્ષી તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. એક વખત પ્રાથમિક જ્ઞાન મેળવ્યા બાદ વધુ રસ હોય તો વધારે જ્ઞાન મેળવી શકાય એવો આ શિબીરનો ઉદ્દેશ છે.

આ શિબીરમાં ફ્લાવર મેકિંગ, જરદોશી વર્ક, ચોકલેટ અને કુકી મેકિંગ, આણા ડેકોરેશન, ગિફ્ટ પેકિંગ, બેસ્ટ આઉટ ઑફ વેસ્ટ, ક્વીલિંગ, બેઝીક મેકઅપ, હેર સ્ટાઇલ, સાડી અને ડ્રેસ રેપીંગ, બ્યુટી ટિપ્સ, નેલ આર્ટ, હેર ક્લિપ તેમજ શુ ડેકોરેશન, રંગોળી, ગોટા વર્ક, જ્વેલરી મેકિંગ વિગેરે શિખાવવામાં આવશે.

સંસ્થા માટે ખુબજ ખુશીની વાત છે કે આ ત્રણ દિવસના તાલિમ વર્ગોમાં શિખડાવવા માટે સંસ્થાની ત્રણ ભૂતપુર્વ દિકરીઓ ૧) શ્રીમતી અલ્પા ભાવિક છેડા, ૨) શ્રીમતી રતિકા ચિંતન નાગડા, ૩) શ્રીમતી ભારતી રોહિત ધરમશી તેમજ ૪) શ્રીમતી મિનાબેન વિનયભાઇ મોમાયા પધારશે તેમજ આ ત્રણ દિવસીય તાલિમ વર્ગોના આયોજન માટે પણ ભૂતપુર્વ દિકરીઓ માતુશ્રી દક્ષાબેન હંસકુમાર છેડા પરિવાર હસ્તે શ્રીમતી અલ્પા ભાવિક છેડા (ભુતપૂર્વ વિધાર્થીની) ગામ સુજાપૂર હાલ ભાંડુપ અને શ્રીમતી ભારતી રોહિત મણિલાલ ધરમશી (ભુતપૂર્વ વિધાર્થીની) હસ્તે અક્ષિત રોહિત ધરમશી ગામ નાનીખાવડી - હાલ ડોમ્બીવલી તરફથી સસ્નેહ આર્થિક સહકાર મળેલ છે.

આ રીતે ભૂતપૂર્વ દિકરીઓ આયોજન ખર્ચ માટે અને શીખાડવા માટે આગળ આવેલ છે. એ સંસ્થા માટે ખુબજ આનંદ અને ગર્વ લેવા જેવી વાત છે. આશા રાખીએ આમાથી પ્રેરણા લઇ વધારેમાં વધારે દિકરીઓ ભવિષ્યમાં આગળ આવે.

જામનગર સહિત કચ્છ જિલ્લાની તેમજ મુંબઇ થી આપણી બહેનો-દિકરીઓ આ વિવિધલક્ષી તાલીમ વર્ગોનો લાભ લેવા ઇચ્છે તો એમણે વેળાસર સંસ્થાનો ૦૨૮૮ - ૨૭૧૩૭૭૦ પર સંપર્ક કરવો, જામનગર માં રહેવા - જમવા અને તાલીમની સગવડ સંસ્થા નિઃશુલ્ક પ્રદાન કરશે. આપણી દિકરીઓને આ શિબીરનો લાભ લેવા આગ્રહ ભરી વિનંતી.

**લિ. શ્રી. ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ વતી**
**સંચાલકો તથા ટ્રસ્ટીગણ**

છે અને તે આંખના સ્વાસ્થય માટે અતિ ઉપયોગી છે. વિટામીન **A** અને **C** રોગપ્રતિકારક શક્તિ વધારે છે. એમાં રહેલા વિટામીન **B2, B3, B5** અને **C** મજ્જાતંતુઓને કાર્યશીલ રાખે, ભૂખ લગાડે, પ્રતિકાર શક્તિ વધારે, રક્તનલિકાઓની આકુંચન ક્ષમતા વધારી રક્તભ્રમણ સુધારે છે અને અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું કાર્ય સારી રીતે થાય છે.

એમાં વિટામીન **E** અને **K** પણ રહેલા હોય છે. હાઈ બી. પી. માટે ફાયદાકારક છે.

એમાં પુષ્કળ રેષા હોય છે, જે કબજીયાત મટાડે છે, કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે. ખોરાકના પાચનમાં મદદ કરે છે.

આંબામાં કેલ્શિયમ અને ફોસ્ફરસ વધુ હોય છે જે હાડકાના બંધારણ અને વિકાસ માટે મહત્વના હોય છે એમાં આયર્ન હોય છે જે લોહી વધારે છે એમાં કૉપર હોય છે જે

આરોગ્ય માટે ફાયદાકારક છે એમાં રહેલ સાઈટ્રિટ ક્ષાર થી લોહીની ક્ષારીયતા જળવાઈ એમાંની આમ્લતા ઘટાડે છે જે આરોગ્ય માટે સારું છે.

વૃદ્ધ વ્યક્તિઓ કે લાંબી માંદગી બાદ જેમનું વજન ઘટી ગયુ એવી વ્યક્તિઓએ અને જેમણે વજન વધારવું હોય એમણે આખો ઉનાળો રોજ કેરીનું સેવન કરવું જોઈએ. હોજરીમાં ચાંદા પડ્યા હોય એમણે અને અલ્સરેટીવ કોલાઈટીસ ના દરદીઓ પાંચ દિવસ સુધી અન્નનો ત્યાગ કરી માત્ર કેસર અને હાફુસ જેવી સારી ગુણવત્તાવાળી અને સારી રીતે પાકેલ કેરીનો જ ઉપયોગ કરવો. જેનાથી એમને ઘણોજ ફાયદો થશે. (ક્રમશઃ)

## અભિનંદન



**કુ. નેહા મહેશ મોતા** ને Govt. College of Engineering, Pune (Coep) થી B. Tech. (E&TC) ની FINAL SENSTER માં 9.11 CGPA હાસિલ કરી અને (E&TC) Department માં 3rd Rank પ્રાપ્ત કરેલ છે. !!!



**અર્પિતા મનોજભાઈ ધ્રોળ ઈંદોર** (M.P.)
**ધો. ૧૨ કૉમર્સમાં ૯૨% ગુણ પ્રાપ્ત કરેલ છે.**

# શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫
મુંબઈ કાર્યાલયઃ C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

## શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા

## ★★★★★★★★ ભાવભર્યું આમંત્રણ ★★★★★★★★

તપચક્રવતી, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને આશિર્વાદથી પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા, પ.પૂ. સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા. ના સુશિષ્યા, પ.પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. (આપણા ગામના દિકરી) આદિ ઠાણા - ૧** નું ચાતુર્માસ કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ ૨ ને રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૧૭** ના શુભ દિવસે થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. શનીવાર, તા. ૧૯-૦૮-૨૦૧૭ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ. ચાર્તુમાસના ચાર મહીના આરાધના કરવા માટે શ્રી કોઠારા મહાજન સહર્ષ આમંત્રણ આપે છે. સ્થાનિકે બધી સગવડો ઉપલબ્ધ છે. ઈચ્છુક આરાધકોએ કોઠારા તીર્થની મુંબઈ ઓફીસ અથવા સ્થાનિકે જાણ કરવા વિનંતી.

### શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે

**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**
**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

UPASANA - 9820167767

## સંબંધોની સ્વીચ ઓન અને ઓફ

આ દુનિયામાં ઘણા લોકો એવા સેવા હોય છે જેઓ માનવીના સંબંધો ને વિજળી ના બટનની જેમ સ્વીચ ઓન અને સ્વીચ ઓફ કરવામાં માનતા હોય છે અથવા તો એમ કહીએ કે તેઓ આમાં ખૂબજ માહિર હોય છે. તેઓ સંબંધોને ત્રાજવાની તોણે તોલતા હોય છે. જરૂર પડે લે સંબંધ બાંધવામાં કે સંબંધ તોડવામાં તેમને મિનિટ નો પણ સમય લાગતો નથી.

ગરજ હોય ત્યારે આત્મિયતા બતાડતા તેમને ખૂબજ સરસ રીતે આવડે છે. સામા માણસની પ્રશંસા, તેમની આગતાસ્વાગતા, તેમની નિકટતા કેળવવા ની રીત તેઓ ખૂબજ સુંદર રીતે નિભાવી જાણે છે. જ્યારે તેમનો સ્વાર્થ પતી જાય ત્યારે તેમને અડગા કરી નાખવામાં એક સેકન્ડનો પણ સમય તેઓ નથી વિતાવતા જ્યારે બીજીવાર મળે ત્યારે તેઓ જાણે અજાણ્યા હોય તેવો વ્યવહાર પણ કરી શકે છે. ફરી પાછા જો તેમને ગરજ પડી તો તેઓ તેમના પેલીયા પકડવામાં પણ પાછીપાની નથી કરતા. આ કેવી માણસોની માનસિકતા ?

કોઈપણ સાથે ત્રેગડવામાં પણ તેઓને કોઈપણ જાતની શરમ કે સંકોચ નથી થતો. ભલે અમે તેટલા નિકટના સંબંધો હોય તો પણ ઉડી જાય તો પણ તેઓના પેટનું પાણી હલતું નથી. 'જા તારાથી થાય તે કરીલે' એવા ઉદ્ગારો કાઢીને સંબંધો નો અંત આણવામાં પણ તેઓને વાર નથી લાગતી પરી પાછા જ્યારે ગરજ પડી ત્યારે તેમની સાથે એવો ઘરોબો બાંધી શકે છે કે જાણે તેઓની વચ્ચે કાંઈ પણ અણલનાવ બન્યો જ ન હોય !

ખરેખર આ સ્વીચ ઓન અને ઓફ ની તેમની થીયરી તેમના માટે કેટલી લાભદાયી હોય છે તે તો તેઓ જ જાણે ? તેમને નથી થતું કોઈપણ જાતનું ટેન્શન કે ન કોઈ પણ જાતની લાગણીઓ દુભાવવાની દ્વિધા, બસ તેમને મન તો મન ફાળે તેમ. વર્તવાની તેમને મળી છે આઝાદી .

શું આવા ઓને પૂર્વ જનમના પૂન્યના બળિયાઓ કહેવાય ? ખરેખર આવા લોકોને એ પણ જાણ નથી હોતી કે સંબંધો બાંધવા બાંધતા વર્ષોના વર્ષે નીકળી જાય છે પણ એને તોડવામાં એક સેંકડની પણ વાર નથી લાગતી.

કદાચ દુનિયાદારી ની રીતે આવા માણસોની ફિલોસોફી સફળ ગણાયા પણ ધર્મની દૃષ્ટિએ આવો વ્યવહાર ઉચિત ગણાય શું ?

આ દુનિયામાં એવા માણસો પણ હશે જેઓ ના સંબંધો બધા સાથે સારા હશે. કદાચ જેમની સાથે ન ફાવતું હોય તેવા સાથે પણ હાય-હલ્લોનો સંબંધ તો હશે જ. ખરેખર આવી ભાવાના રાખવાવાળા માણસો ને સલામ છે. આપણે બધા પણ આવા જ ભાવ રાખવાની કોશીષ કરીએ અને ગણગણીયે કે મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વ્હયા કરે....

– **જયકાંત મોતા**, ઘાટકોપર – તેરા


જ્ઞાતિનો કેન્દ્રવર્તી મહાજન
ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે

।। નમામિ જ્ઞાતિ મૈયૈ ।।

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**

**આયોજે છે.....**



**સમસ્ત લીડરશીપ સમીટ ૨૦૧૭**

| **સમય :** | **સ્થળ :** |
|---|---|
| **રવિવાર, તા. ૧૮ જુન ૨૦૧૭**<br>**સવારે ૦૯ થી સાંજે ૭.૩૦** | **હોટલ રમાડા *******<br>**પવઈ-મુંબઈ** |

**નોંધણી ના પત્રક ભરીને પરત આપવાની અંતીમ અવધી**

| | |
|---|---|
| મહાસમિતી પ્રતીનીધીઓ | ૦૫/૦૬/૨૦૧૭ |
| મહાજનો | ૦૫/૦૬/૨૦૧૭ |
| નિરીક્ષકો | ૧૦/૦૬/૨૦૧૭ |

**નોંધાઈ ચુકેલા સર્વ ડેલીગેટોનો 'આભાર'**
**બાકી હોય તેઓને**
**સત્વરે નામ નોંધાવવા વિનંતી.**

**દરેક મહાજનોને વિનંતી પ્રશ્નોત્તરી પૂર્ણ પણે ભરી, તથા 'લોગો'નો કલર પ્રીન્ટઆઊટ સીલબંધ કવરમાં તા.૦૫/૦૬/૨૦૧૭ સુધી કાર્યાલયે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી.**

**ચીમન મોતા** - સેક્રેટરી જનરલ

# મુક્તિ - બંધન

**- કંદર્પ ર. દેસાઈ**

એ સાંજે હું એમના ઘરે ગયો, બુકે લઈને. મમ્મી કહેતી કે એમને રજનગંધા ખૂબ પસંદ છે એટલે મારા ગમતા ગુલાબ અને ડહેલિયાની સાથે બે-ચાર ડાળખી રજનીગંધાની પણ બુકેમાં હતી. બસ મારે કંઈ કહેવાનું નથી, સિવાય કે થેન્કસ, ડોરબેલ વગાડ્યો. દરવાજો ખૂલતાં ઠીક ઠીક સમય વીત્યો. સુંદર વિસ્તાર. પાંચમો માળ, પેસેજમાં પણ ઠીક ઠીક જગ્યા છે એટલે ફ્લેટ પણ વિશાળ જ હશે. મને અમારું બે રૂમ કિચનનું ઘર યાદ આવી ગયું ! મમ્મી એને ઘરની જેમ સજાવે છે, ઘરની જેમ હૂંફાળું રાખે છે અને ઘરની જેમ હાશકારો આપે છે. ત્યાં છે મારી ઓળખ. જ્યારે અહીં - નેમ પ્લેટ પર લખ્યું છે, અનિકેત મજમુદાર. બસ બીજું કોઈ નામ નથી. બીજું કોઈ સમાઈ શકે એટલી જગ્યા પણ નહીં હોય. મનમાં અધીરાઈ આવી એટલે ફરીથી બેલ દાબી. એની વળતી ક્ષણોમાં દરવાજો ખૂલ્યો અને મેં એમને જોયા.



માફકસરની ઊંચાઈ, વધેલી દાઢીમાં સહેજસાજ સફેદી, ઝભ્ભો અને બરમુડાનું કોમ્બિનેશન યુનિક લાગે. આંખે ચશ્માં, એમાંથી ડોકાતી આંખમાં પ્રશ્ન છે - કોણ ?

'અંદર આવી શકું સર!'

'ઓહ નો, ફરીથી કોઈ ચેનલ કે ન્યુઝપેપર. આયમ સોરી. પ્લીઝ મારે જે કહેવાનું હતું ઓલરેડી....'

'આઈ નો, બટ - હું કોઈ જર્નલિસ્ટ નથી. બલકે કલાકાર છું, નૃત્યનો શો છે મારો. એન્ડ આઈ વોન્ટ ટુ ઈન્વાઈટ યુ.'

'ઓહ સૉરી. સૉરી અગેઈન. પ્લીઝ પ્લીઝ કમ ઈન માય બોય.'

કાન ચમક્યા. આંખોમાં લહેરો ઊઠવા લાગી. બે હાથ ફેલાયા ને આગળ વધ્યા પણ ત્યાં તો ખાલી અવકાશ છે. એ સહેજ આગળ નીકળી ગયા છે ને હું પાછળ દોરવાયો માત્ર. પેસેજ વટાવી બેઠકખંડમાં આવ્યા. પહેલી નજરે જ કશુંક ખટક્યું. કેવું છે આ ઘર ? ક્યાં કશું ઠેકાણે છે ? જે કળાદૃષ્ટિ લેખો કે રિવ્યુમાં જોવા મળે છે એનો અંશ સુધ્ધાં નથી. મમ્મી જો હોય તો ધૂળ કાઢી નાખે.

એ મારી તરફ ફર્યા અને બેસવા કહ્યું. સોફા પર પડેલાં કપડાં આમતેમ કરી જગ્યા કરી આપી. મેં બુકે એમના હાથમાં મૂક્યો. એ સ્નેહથી જોઈ રહ્યા. 'લવલી! થેન્કસ ફોર બુકે.' પછી આમતેમ નજર ફંફોસ્યા કરી. બુકે ક્યાં મૂકવો એમ વિચારતા હશે. 'અરે! તમે હજી બેઠા નહીં ? બેસો, હું હમણાં જ આવ્યો.' કહેતાં ઘરની અંદર તરફ ગયા. કદાચ ડાઈનિંગ ટેબલ પર બુકે મૂકશે અને -

ડાઈનિંગ ટેબલ પર બુકે મૂક્યો અને હું જોઈ રહ્યો. રજનીગંધાની કેટલી ઓછી ડાળખી છે ! જોકે ઘણા વખતે મખમલી સફેદ સુગંધ જોઈ આંખને સારું લાગ્યું. કોણ હશે આ છોકરો ? નૃત્ય કરે છે. કલાસિકલ કરતો હશે શું ? શું કરીશ હું આ આજકાલની ઊછળકૂદના શોમાં જઈ ? એક હતો - શું નામ એનું ? ભૂલી ગયો. કેવું અદ્‌ભુત કોમ્બિનેશન - કથ્થક અને હીપહોપનું ! નૃત્યમાં વાર્તા તો એવી રીતે વણી લીધી કે જાણે નદી વહે.... પણ એની વે, બહુ દિવસે એક જુદા પ્રકારના માણસને મળવાનું થશે. એની આંખોમાં ચમક છે એટલે ચોક્કસ એ પોતાના કામને એન્જોય કરતો હશે ! કેવું સરસ !

*હે અન્તર્યામી, મારું અંતર વિકસિત કરો,*
*નિર્મળ કરો, ઉજ્જવળ કરો, સુંદર કરો.*

ઓ.કે. પહેલાં હું એને પાણી આપીશ. એની સાથે થોડી વાતો કરીશ. રસ પડશે તો ચા-કોફી ઓફર કરીશ. બરોબર ? ડહેલિયાની પાંખડીઓ પર હાથ ફેરવતાં મેં વિચાર્યું.

વરસોથી તરસ્યો હોય એમ એક ઘૂંટડે પાણી પી ગયો.

મેં પૂછ્યું, 'બીજું લાવું ?'

'આટલું પૂરતું છે.'

થોડી વાર મૌન પથરાઈ રહ્યું. વાત કોણ શરૂ કરશે એની રાહ જોતાં અમે બે બેસી રહ્યા. પાતળો છે, દાઢી સહેજસાજ વધેલી. ટી-શર્ટની બાંયમાંથી એનાં બાવડાં દેખાય છે. કસાયેલાં ને સાથે સુંવાળાં - ચમકતાં. નૃત્યમાં જરૂરી તાકાત અને સૌંદર્ય બેઉ છે! બાકી આજકાલ તો શરીરને કેળવવાના બદલે સિક્સ અને એઈટ એબ્સ - ખબર નહીં, અક્કલ ક્યાં મૂકીને આવતા હશે! એના હાથમાં એક કાર્ડ છે, જે હજી એણે મને નથી આપ્યું. કથ્થઈ રંગના કવર પર સોનેરી અક્ષરો - મારી નજર કાર્ડ પર છે એ એણે નોંધ્યું. તરત જ એ મલકી પડ્યો. કહે, 'જોયું! હું ભુલી જ ગયો. મારું નામ રજત, મારા ગ્રુપનો એક ડાન્સ શો છે. આ એનું કાર્ડ, તમે આવશો તો ચોક્કસ ગમશે.' કહેતાં એણે કાર્ડ હાથમાં આપ્યું. સુંદર! સફાઈદાર, કળાત્મક કાર્ડ જોઈ તરત થયું કે આ ડાન્સ શોની છેલ્લી રોની ટિકિટ ઓછામાં ઓછી પાંચસોની હશે. નક્કી કામ તો સારું હશે છોકરાનું. તારીખ-વાર જોયાં. એમ કંઈ છેક છેલ્લી ઘડીએ થોડું જવાય છે ?

'ઓ હો, કાલે જ છે, સાંજે.... કદાચ હું બિઝી છું.'

'આઈ નો. તમે બહુ મોટા માણસ છો પણ એની વે....' કહેતાં એણે ઊભા થવા જેવું કર્યું. આમ અચાનક એ જતો રહે તે મને ખટક્યું. કાર્ડ પર કથકની મુદ્રા જોઈ. પૂછ્યું, 'કથક પણ જાણે છે એમ ?'

'કથક તો મને વારસામાં મળ્યું છે. મારી મા-' મારી સામે તાકી રહ્યો. કશુંક ગળી જતો હોય એમ સહેજ અટક્યો અને પછી આગળ બોલ્યો, 'મેં ભરતનાટ્યમ્‌ની તાલીમ લીધી છે, બલકે દક્ષિણનાં લગભગ બધાં નૃત્ય. જો કે મારું પેશન છે ફ્યુઝન. તમને રસ પડશે ?'

'હા હા ચોક્કસ.'

'આજકાલ લાગણીઓની બહુ સેળભેળ છે. કોઈ એક ચોક્કસ ફોર્મ, હું નથી માની શકતો કે એને અભિવ્યક્ત કરી શકે. એટલે આ ફ્યુઝન...!'

'હા, પણ ફ્યુઝન તો કળાને મારી નાખે છે. એના શુદ્ધ સ્વરૂપથી જુદું... ક્યારેક તો એવું વરવું લાગે છે. આમાંથી આ ટુકડો ઉઠાવ્યો અને પેલામાંથી બીજો. લો આ ડિશ તૈયાર જાણે ભેળ!' મારી અકળામણને એ હળવું હસતાં તાકી રહ્યો.

'તમારી વાત સાવ સાચી છે. એ ભેળ હોય તો એમ જ થાય. ખાઈ લો. સ્વાદ માણી લો. પછી ભૂલી જાઓ - પણ જો એ કળા હોય તો એને તમે ભૂલી શકશો નહીં.' એ અટક્યો. મેં એને આગળ બોલવાનું સૂચવ્યું. કહે,

'તમને યાદ જ હશે. તમે સિનેમા વિશે એક વિધાન કરેલું. સિનેમા એ આજની જરૂરિયાત છે. એમાં જુઓ કેટકેટલી કળાનો સમન્વય છે.'

'દીકરો મારો! મારું જ વાક્ય મને સંભળાવે છે!' કહેતાં હું હસી પડ્યો.

બસ આ જ ક્ષણ છે. સાચું કહી દેવાની અને -

'તમે સાચું જ બોલ્યાં. 'દીકરો મારો.' હું તમારો જ દીકરો છું. સ્વાતિ દિવેટિયા. નામ તો નહીં જ ભૂલ્યા હો જી. હું રજત સ્વાતિ દિવેટિયા, ને આવ્યો છું તમને થેન્ક્સ કહેવા.'

એ સ્તબ્ધ નજરે મને તાકી રહ્યા. કદાચ મારા ચહેરામાં મમ્મીના અણસાર શોધતા હશે! કે પોતાના! ચૂપચાપ વીતતી ક્ષણોનું વજન વધતું રહ્યું. મારે આ બોજ નથી જોઈતો, કેમ કે મારે કશું નથી જોઈતું. મને જે જોઈએ છે એ બધું મળી રહે છે મારા ડાન્સ ફ્લોર પર.

આખેઆખી દુનિયા પળવારમાં ત્યાં હાજરાહજૂર હોય છે તો પછી એક આ -

*જાગરિત કરો, ઉદ્યત કરો, મંગળમય કરો,*
*નિખાલસ કરો અને શંકા રહિત કરો.*

નૃત્ય ? એ જાણે મારા માટે સંજીવની છે. કેટકેટલી પળોને હું ત્યાં જીવંત કરું છું !! આ ચૈતન્ય - એ મને મુક્ત કરે છે, મારી પીડાથી, મારા અભાવથી, મારા રોષથી, મારા અહંકારથી, મારા મારાપણાથી.. એક રૂપમાંથી બીજા રૂપમાં જવું, જાણે એક જીવમાંથી બીજા જીવમાં અને એમ સમગ્ર ચૈતન્ય જગતના સચરાચરથી એકત્વ પામવું ! મમ્મી જોઈ શકે છે, નૃત્ય સાથેનું મારું તાદાત્મ્ય. માથે હાથ ફેરવતાં કહે છે, હું જ્યાં પહોંચી હતી, દીકરા, તારી શરૂઆત ત્યાંથી છે ! ફૂલતા શ્વાસ સાથે, પસીનાથી તર શરીર પર ચમકતાં સ્વેદબિંદુઓ આંખોની અપાર્થિવ ચમકમાં એકસાથે ભય પામે છે, આનંદ માણે છે, ગર્વ કરે છે. એનું નામ જીવવું - મને મારું હોવું સાર્થક લાગે છે.

મમ્મી જો જાણે કે હું આમ એમને મળવા આવ્યો છું તો...

'સર ! પ્લીઝ તમે કશી ગેરસમજ નહીં કરતા. મમ્મીને તો ખબરેય નથી...' પણ એ ચૂપ છે. કશી જ પ્રતિક્રિયા વિના. આંખો પણ સ્થિર. હાં, જરૂર એમણે આ પળોને પસાર કરવી જ ! મેં પણ કરી છે. એક વાર જ નહીં, એકથી વધુ વાર... અરે વારંવાર. નાનપણથી લઈ સમજણ આવી ત્યાં સુધી.

- પેરેન્ટ્સ ડેમાં ઘણાં મમ્મી - પપ્પા બેઉ સાથે આવે છે. ત્યારે મને મમ્મીની બીજી ખાલી બાજુ અકળાવે છે.

તારા પપ્પા. પાછળ માનું નામ ? બાપ નથી શું ?

- કોઈ પાડોશી નાની સરખી વાત લઈ મમ્મી સાથે ઝઘડો કરે છે. મા હિંમતથી સામનો કરે છે. પણ પછીની કોઈ પળે - જ્યારે એ એકલી પડે છે, આંસુથી ખરડાયેલા ચહેરાને નિઃસહાય નજરે નાનો રજત તાકી રહ્યો છે !

- ડાન્સ કરતાં હાથ ભાંગ્યો. હોસ્પિટલાઈઝ છું. મમ્મી મને મૂકીને નોકરી કરવા જાય છે. કાશ ! એવું કોઈ હોત જેની જવાબદારી મમ્મીએ ઉઠાવવી પડે છે. એના બદલે ફુલટાઈમ મોમ...

- એ દિવસો. જ્યારે ખબર પડી કે નોકરી બચાવવાના ચક્કરમાં મમ્મીએ પહેલાં નૃત્યનો શો, પછી પ્રેક્ટિસ પણ છોડવી પડી. બસ ક્યારેક ફુરસદની પળોમાં કથ્થકની બે-ચાર મુદ્રાઓ બતાવી મારા ઈમ્પ્રોવાઈઝેશનને વધારે શાર્પ કરી આપે એટલું જ.

પાર નથી આ પળોનો. જ્યારે સર તમને તો માત્ર આ એક - કદાચ તમને યાદ હશે. તમારી આર્ટક્રિટિકની રેગ્યુલર કોલમમાં મારા ડાન્સ ગ્રુપની પ્રશંસા કરી હતી. એ ક્ષણ થયેલું કે...

મમ્મીને બતાવ્યું હતું. એ ગર્વથી મને તાકી રહી. પછી કહે, 'દીકરા એટલું યાદ રાખજે. તું જે કંઈ છે એ મારી મહેનતથી.'

- હા, પણ મમ્મી, મને અહીં સુધી લાવનાર પણ તમે જ ને !'

'હું તને ઉછેરું, કેળવણી આપું, તારા માટે અનુકૂળતા કરી આપું - એ બધું સાચું - પણ જે જીવવાનું તારે ભાગે આવ્યું તે તું જીવ્યો. ન નાસીપાસ થયો, ન ભાંગી પડ્યો. તને યાદ છે એક સમયે હું પણ નૃત્ય કરતી. જીવવાનું જે બળ મને ત્યાંથી ન મળ્યું એ તેં શોધી કાઢ્યું !'

'સાચી વાત છે.' એમ કહું તો છું પણ મને ખબર છે કે માને જીવવાનું બળ કોણે પૂરું પાડ્યું ? એમની પાસે હું હતોને !

તો સર ! પ્રશ્ન એ પણ છે કે જીવવાનું બળ તમને ક્યાંથી મળ્યું ?

જોકે મારા માટે એ મહત્ત્વનું નથી. મારા માટે તો મહત્ત્વનું છે, મારી એક લાગણી તમારા સુધી પહોંચાડવાની. એટલે બસ ફરીથી એક વાર કહું છું.

'થેન્ક્સ સર ! થેન્ક્સ એટલા માટે કે તમારા કારણે હું આ સૃષ્ટિને જોઈ શક્યો. એના નર્તનને અનુભવી શક્યો. એના લયમાં લય ભળી ગયો. મને લાગે છે, એ કોઈ નાની વાત નથી !! મારા આવવાથી તમે ખાસ્સા ડિસ્ટર્બ થયા એથી હું ક્ષમા ચાહું છું. હું નીકળું.'

કહેતાં બહાર જવા હું ઊભો થયો.

*સૌની સાથે મારા અંતઃકરણને સંયુક્ત કરો, મને બંધન મુક્ત કરો,*
*મારાં બધાં કાર્યોમાં તમારું ઉલ્લાસભર્યું ગીત ભરી દો.*

આ છોકરો ! શું નામ કહ્યું એણે ? રજત, હા સ્વાતિનો દીકરો રજત. જે મને એનો બાપ પણ ગણે છે. એને ક્યાં ખબર છે હું એનો બાપ છું જ નહીં. સ્વાતિએ એને પૂરી વાત નથી કરી કે શું ?

અર્ધસત્ય. એનાથી મોટું જૂઠ શું હોઈ શકે ? બાપના નામની જગ્યાએ સ્વાતિએ પોતાનું નામ લખાવ્યું છે. એટલે દેખીતું છે કે મારું પિતૃત્વ નથી એ બાબત એણે સ્વીકારી છે. - રજતે પણ એ નામ જાળવી રાખ્યું છે, એટલે એને પણ ખબર હોવી જોઈએ કે....

દેખાય છે તો સ્વાતિ જેવો. પણ નાક મારા જેવું છે, સહેજ લાંબું ! વાન પણ મારા જેવો ઊજળો. અને વાળ, એનો રંગ પણ મારા જેવો સહેજ પીળાશ પડતો, વાંકડિયા અને પતલા. માથે હાથ ફેરવું તો સુંવાળા છે કે નહીં એ પણ ખબર પડે. કેટલાં વરસો...

તે દિવસે પણ હું મારું પિતૃત્વ નહોતો સ્વીકારી શક્યો.

- અને આજે ?

સ્વાતિએ સાંજની ચા સાથે પીતાં પીતાં કહ્યું હતું.

'મને લાગે છે, આઈ થિંક હું મા....'

સાંભળતાં જ ચોંકી ઊઠ્યો હતો. મારું પીએચ.ડી. પૂરું નહોતું થયું. લેક્ચરરની બીબાઢાળ જોબ મને સંતોષ નહોતી આપતી. કળાના ક્ષેત્રના મારા શબ્દોની નોંધ લેવાનું તો હજી માંડ શરૂ થયું હતું. કેટકેટલું જોવા, જાણવા, મળવા - માણવાનું બાકી છે. અરે ! સ્વાતિના કથકનાં વિવિધ સ્વરૂપોને તાગી સ્ટેજ પર ઉતારવાનાં બાકી છે.

ત્યારે - આ જવાબદારી.

'આપણે નક્કી કર્યું હતું કે...'

'હા, પણ આ સાવ અચાનક ....'

'તો પછી દૂર કર એને....'

એ ચૂપ રહી. એની નજરમાં દ્વિધા છે. એ જોઈ મેં એને ચેતવી.

'પછી મારી કોઈ જવાબદારી નહીં રહે.' એ હજીએ ચૂપ હતી. 'આપણું સાથે રહેવું શક્ય નહીં બને.' આ કોઈ ધમકી ન હતી. કે પછી કદાચ તક હતી, મારા માટે, લગ્નની જંજાળમાંથી મુકત થવાની. છેવટે એ તક મેં ઝડપી લીધી. બરોબર ચોથા મહિને મેં એ ઘર છોડ્યું.

કાગળ પર ભલે હજી અમે પતિપત્ની હોઈએ, પણ મારે એ કબૂલવું રહ્યું કે એ પછી એણે ક્યારેય ન પોતાનો હક જતાવ્યો, ન નામ વાપર્યું. એના સ્વાભિમાનની કદર હું નહીં કરી શકું તો બીજું કોણ કરશે ?

- ને આ દીકરો ! મારો દીકરો ! ક્યારનો સર સર કરે છે, એકાદ વાર પપ્પા કહીને કેમ નથી બોલાવતો ? થાય છે બે હાથ ફેલાવી એને બાથમાં લઈ લઉં ! ! એ બધી ક્ષણો - જે મેં એને નથી આપી તે - પેશાબની ગંધથી અકળાતાં અકળાતાં બાળોતિયાં બદલવાથી લઈ ગર્લફ્રેન્ડ સાથે થયેલા ઝઘડા પછી ઉદાસ પળોને જીવતા દીકરાને ખુશ કરવો - સુધીનો પળો - કઈ કેવી પળો હોઈ શકે એનો તો મને અંદાજ જ નથી!!

પણ એ મારું લોહી છે ! નહોતો જાણતો ત્યારથી એના નૃત્યની પ્રશંસા કરી છે. જાણે હું એનો ફેન છું ! એ અદ્ભુત નૃત્ય કરે છે. રૂંવાડાં ઊભા થાય છે, એને નાચતો જોઈ. ખરેખર તો મને ત્યારે જ ખબર પડવી જોઈતી હતી કે આ મારું જ લોહી હશે, જે અવનવા પ્રયોગોને વધાવ્યા વિના રહ્યો નથી એના સંતાન સિવાય કોણ આમ નૃત્યને નવી ભાષા આપે ?

મારે એને શું કહેવું ?

એજ કે તું મારા માટે ઈચ્છનીય સંતાન ન હતું ! કે પછી એમ કે આ તારા નૃત્યમાં જે આગવી છટા છે, અદ્ભુત લાસ્ય છે કે નવા કોન્સેપ્ટ છે એ બધી દેન મારી છે ? શું કહેવું એને મારે ?

અરે ! પણ એ જઈ રહ્યો છે ! એને માત્ર થેન્ક્સ કહેવું છે. એ એણે કહી લીધું. હવે એ જાય છે, પણ મને આમ બાંધીને !

*તમારા ચરણકમલોમાં મારું ચિત્ત નિસ્પંદિત કરો,*
*મને આનંદિત કરો પ્રભુ, આનંદિત કરો, આનંદિત કરો!!!*
*- રવીન્દ્રનાથ ટાગોર*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ભાંડૂપ સમાચાર

ભાંડૂપ માં તા. ૧૫ એપ્રીલના બપોરના અચલગચ્છાધિપતીશ્રી તપાચાર્ય આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., આ.ભ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. આદી નૂતન આ.ભ. મુનીવરો અને વિશાળ સા. ભગવંતોનું આગમન થતાં ઢોલ શરણાઈ, બેન્ડ પાર્ટી, ૫૦ બેડાં, ૫૦ ગહુલીઓ થી શ્રી સંઘોએ શાનદાર સામૈયું કર્યું. માતુશ્રી વિજયોબેન કુંવરજી લોડાયા અને માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર કાર્યક્રમ તથા સાંજના ચૌવિહારના લાભાર્થી રહ્યા. ગુરૂપૂજનનો લાભ રૂા. ૬૧,૧૬૧ માં નારી શક્તિ હ. ગીતાબહેન લહેરચંદ લોડાયાએ લીધો.

શ્રી ક.દ.ઓ. જૈન સંઘના ૧૫ તથા શ્રી ક.વી.ઓ. જૈન સંઘના ૪૬ વરસીતપારાધકોએ આદીનાથ દાદા દરબારે દાદાનું ઈક્ષુરસથી પક્ષાલ કરી પછી પારણા કર્યા. પક્ષાલનો પ્રથમ લાભ ૩૫૩૫ મણ અને પ્રથમ પૂજાનો લાભ ૨૦૦૧ મણમાં માતુશ્રી મંજુલાબેન પ્રતાપ મૈશેરી હ. નિખીલ મૈશેરીએ લીધો.

અપના સ્ટાર પરિવાર તરફથી ગૃહ ઉપયોગી અનાજ-મસાલા-ઈલેક્ટ્રીક આઈટમોનું ઓનલાઈન વર્કશોપનું ડેમોન્સ્ટ્રેશન શ્રી નયના નરેશ મૈશેરીએ કરતાં સંખ્યાબંધ પરિવારોએ લાભ લીધો.

વરસીતપની પૂર્ણાહૂતીએ આરાધકોએ મહાકાલી મા ની ભાવના ભણાવતા શ્રી સંઘે તપારાધકો તથા સિધ્ધાચલની ૯૯ કરનાર પાંચ યાત્રીકોનું રોકડ રકમના કવરથી બહુમાન કરતા શ્રી લહેરચંદ મૈશેરીએ સૌની અનુમોદના કરી.

ચિ. બા. બ્ર. મુમુક્ષુ ભાવી બહેનની દીક્ષા પ્રસંગે શ્રી સંઘે બસ ભરીને હાજરી આપી.

શ્રી વિમલનાથ પ્રભુ કાંજુરમાર્ગમાં પ્રતિષ્ઠિત થતાં સંખ્યાબંધ ભાવિકોએ હાજરી પૂરાવી.

આદીનાથ દાદાની ૭૨મી ધજા અને અઢાર અભિષેકના ચડાવાના ટાઈમે પ.પૂ. સા. શ્રી જયદર્શીતાશ્રીજી મ.સા. અને પૂ. સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.એ નીશ્રા આપી ભક્તોની ચેતનાને જગાડી પ્રવચન આપતાં સૌ ચડાવા ચડતે પરિણામે રહ્યા. પૂ. ગુરૂદેવની એક અઠવાડીયાની નિશ્રાએ નિત્ય જિનવાણી શ્રવણે ૮૦ જણની હાજરી રહી.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના

પુના સંઘ દ્વારા પુનાના નાટ્યગૃહ બાલગંધર્વ ખાત તા. ૨૪.૪.૨૦૧૭ ના સુંદર અને સફળતમ નાટક ''ગુજ્જુલાલ કરે ધમાલ''ની રજુઆત કરાયેલ જેનો આનંદ સૌએ માણેલ. આપણા માટે ખાસ ગૌરવ લેવા જેવી બાબત એ હતી કે આપણા KDO ના શ્રી કમલેશ મોતા દ્વારા આ નાટક દિગ્દર્શીત તથા અભિનીત રહેલ. સંઘ દ્વારા કમલેશભાઈ તથા અન્ય કલાકારોનું બહુમાન પુષ્પગુચ્છ અર્પીત કરી કરાયેલ. સંઘ દ્વારા નાટકની રજુઆતની સંકલ્પના તથા સંકલન શ્રી ખુશાલ મહેશ્વરી દ્વારા કરાયેલ જેમાં સંઘપ્રમુખકા હીનાબેન રતાણી તથા કમિટિનો સાથ સહકાર રહેલ.

## શ્રી ગુણપાર્શ્વ તીર્થ દેઢીયા

શ્રી ગુણપાર્શ્વ તીર્થ દેઢીયાનાં ધ્વજા રોહણ પ્રસંગે ક.દ.ઓ. જૈન મહાજનશ્રી ભુજ નાં ૫૦ સભ્યોએ ઉપસ્થિત રહી ઉજવણીમાં ભાગ લીધો હતો. પૂ. મુનિરાજશ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં શ્રી ગુણપાર્શ્વ તીર્થ દેઢીયા ટ્રસ્ટ દ્વારા કચ્છમાં માનવસેવા અને જીવદયાની વિવિધ પ્રવૃત્તિઓ કરવા બદલ શ્રી પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ચેતન ખોના, ભરત લોડાયા તથા સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## સાંયરા સમાચાર

સાંયરામાં ચૈત્ર વદ ૧૪ તા. ૨૪/૪/૨૦૧૭ ના શ્રી વીરચંદભાઈ રતનશી ધરમશીના છઠ્ઠી પુણ્યતીથી નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવામાં આવેલ જેમાં શ્રી કસ્તુરીબાઈ લોડાયા, જવેરબાઈ મોમાયા, પ્રેમચંદ મોમાયા, સતીષ સાંવલા તથા સંજય સાવલા સારી રમઝટ બજાવેલ. એજ દાતા તરફથી બપોરના સ્વામી વાત્સલ્ય જમણ રાખેલ.

સાંયરામાં તા. ૯.૫.૨૦૧૭ના ચૈત્ય પરીપાટી સંઘ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રતિલાલભાઈ ધ્રોળ તથા કસ્તુરીબાઈએ સારી રમઝટ બજાવેલ. તા. ૧૦.૫.૨૦૧૭ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા હસ્તે શ્રી વિજયભાઈ મોમાયા તરફથી છાશકેન્દ્ર ચાલુ થયેલ જેમાં પ્રથમ દિવસે ૪૦ પરિવારોએ લાભ લીધેલ. સંચાલનમાં ટી. એમ. ગુંસાઈ તથા દીપકભાઈ લોડાયા સેવા આપે છે.

### અનુમોદનાની આરતી

ઘાટકોપરમાં અનંતનાથ દાદાની પ્રાણ પ્રતિષ્ઠા અને બા. બ્ર. મુમુક્ષુ ચિ. ભાવી બહેનની ભાગવતી દીક્ષાએ નાત ગૌરવ લઈ શકે તેવી આન-બાન અને શાન થી સંપન્ન થઈ. ચઢતા પરિણામોની ઘૃત ઉછામણીઓ, પૂજનો, શાનદાર અને જાનદાર સામૈયા, શોભાયાત્રા, રથયાત્રા, વરસીદાન વરઘોડો, વોલીન્ટરોના ઉડીને આંખે વળગે તેવા ડ્રેસ કોડ સાથે સૌનું શિસ્ત, વફાદારી, ચીવટ, ચોકસાઈ, વિશાળ ડોમમાં A/C, સુખાસન, ભોજન કક્ષ, શ્રી મણીકાંતભાઈનું એ વન કેટરીંગ, વિશાળ પરદે ફોટોગ્રાફર દિપીલ નાગડાની આકર્ષક ફોટોગ્રાફી, બેનરો, વેલકમ ગેટ, ઓફિસ, વિશ્રાંતી બેડ, શૌચાલયો, જૈન ધ્વજ લહેરાવતી પરીઓ, સાફા, પાઘડી, આકર્ષક પત્રિકાઓ, પ્રચાર પસાર કમીટીની મહેનત, આ.ભ. સાથે એક હારે શ્રમણ-શ્રમણીઓના દર્શન, સંગીતની સૂરાવલીઓ. પીનડ્રોપ શાંતી. દર્શનાર્થીઓની આવન-જાવન, વિશિષ્ટ મહાનુભાવોની હાજરી. સૌના જાજરમાન પહેરવેશો, મહાજનશ્રીના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા, સર્વ પદાધિકારીઓ, શ્રી જયંતભાઈ સોનીની દીર્ઘદૃષ્ટિ અને આયોજન, જી.વી.સી. સંઘના સક્રીય શ્રી સમીર નાગડા અને હર કમીટીના અધ્યક્ષોની રૂઆબદાર ચૈતન્યશીલ કાર્યવાહીએ- આઠ દિવસ ઓછા પડ્યા. ધન્યવાદ - અનુમોદના આવા અદકેરા અવસરની ભેટ આપવા બદલ...

**દિપ્તી પ્રફુલભાઈ શાહ**

## શ્રી નાગડા ગોત્રના કુળદેવી
## શ્રી અંબેમાંની સમુહ પહેડી - નલિયા

**સવંત ૨૦૭૩, અષાઢ સુદ - ૨ (બીજ) ૨૫/૬/૨૦૧૭**

### કાર્યક્રમની રૂપરેખા

**તા. ૨૪/૬/૨૦૧૭, શનિવાર**

સવારે ૯.૦૦ કલાકે નીમાલ, બપોરે ૧૧.૩૦ કલાકે સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સ્વામી વાત્સલ્ય જમણ અને ૧૨.૩૦ વિજય મુહુર્તે શ્રી કેવલભાઈ સાવલા ના સથવારે શ્રી ચંદ્રપ્રભુ અધિષ્ઠાયિકા દેવી શ્રી જવલાદેવીનું પૂજન શ્રી ગોવિંદજી આણંદજી નાગડા (તેરા-નાંદેડ) હસ્તે શ્રી જનકભાઈ જયંતિલાલ નાગડા પરિવાર તરફથી. રાત્રે ૯.૦૦ કલાકે નિશા સંઘવી અને સાથી કલાકારો સાથે રાત્રી માતાજીની ભાવના અને આરતી.

**તા. ૨૫/૬/૨૦૧૭, રવિવાર**

સવારે ૯.૦૦ કલાકે ધ્વજારોહણ બાદ માતાજીની પહેડી - પ્રસાદ, બપોરે ૧૧.૩૦ કલાકે પહેડી પ્રસંગનું જમણ.

આ પહેડી પ્રસંગમાં નિયાણી બહેનોને પણ સહ પરિવાર ભાવભર્યું આમંત્રણ છે...

જે કોઈ ભાવિકો પહેડીમાં આવવાના હોય એ ભાવિકો પોતાના નામો સમિતિના ભાઈઓ પાસે લખાવી દેવા જેથી વ્યવસ્થા થઈ શકે.

મહેશ શામજી નાગડા - ૦૯૪૨૮૬૮૪૩૨૭
મહેશ ખીમજી નાગડા - ૦૯૭૨૬૬૮૬૮૫૧ શ્રેણિક તેજપાળ નાગડા - ૦૯૪૨૬૭૩૧૬૮૪
જુગલ માણેકજી નાગડા - ૦૯૯૭૮૦૦૨૭૭૨ ચેતન લહેરચંદ નાગડા - ૦૯૮૨૦૧૦૫૦૭૮

# જ્ઞાતિ આગેવાન પ્રબોધ મુનવર અને સાથીઓની ગુમ થયેલા બાળકોને શોધી આપવાની પ્રવૃતિની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ



''નેશનલ મીટ ઓફ પેરાલીગલ વોલીન્ટીયર્સ'' કાર્યક્રમ નવી દિલ્હી મધ્યે ભારતનાં ચીફ જસ્ટીસ શ્રી જે. એસ. ખેહર ના અધ્યક્ષપદે યોજાયો હતો. દેશનાં કાયદા મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ, સુપ્રિમ કોર્ટનાં જજ દિપક મિશ્રા, દિલ્હી હાઈકોર્ટનાં જજ ગીતા મિતલ, જજ એસ. રવિન્દ્ર ભટ્ટ તેમજ સુપ્રિમ અને હાઈકોર્ટના ૧૨૦ જેટલા જજોની ઉપસ્થિતીમાં બે દિવસનો સેમીનાર દિલ્હી એ.પી. સિંઘ ઓડીટોરીયમ મધ્યે યોજાયો હતો.

સમગ્ર ભારત દેશનાં દરેક રાજ્યોમાંથી આવેલ ૧૮૦ પેરાલીગલ વોલીન્ટીયર્સોએ બે દિવસનાં સેમીનારમાં ભાગ લઈ કાયદા અંગેની સમજ મેળવી હતી. કચ્છમાંથી આ સેમીનારમાં એકમાત્ર પેરાલીગલ વોલીન્ટીયર્સ શ્રી પ્રબોધ મુનવરે આ સેમીનારમાં ભાગ લીધો હતો. ૧૮૦ પેરાલીગલ વોલીન્ટીયર્સ પૈકી ૪૮ વોલીન્ટીયર્સએ પ્રશ્નોત્તરી ચર્ચામાં ભાગ લીધેલ. જે પૈકી પાંચ પ્રશ્નો અને ચર્ચાઓની ઉચ્ચકક્ષાએ નોંધ લેવામાં આવી હતી.

પાંચમાંથી કચ્છનાં શ્રી પ્રબોધ મુનવરના ગુમ થયેલા ૧૫૬ બાળકોને શોધી આપી, પરિવાર સાથે ફેર મિલન કરાવી આપવાનાં કાર્યની નોંધ લેવામાં આવેલ અને નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી દ્વારા અપહરણ થયેલ બાળકોને શોધી આપવાની સ્ટોરી દિલ્હી મોકલી આપવાનું જણાવી પ્રશંસનીય કાર્યની નોંધ લેવામાં આવેલ.

ગતવર્ષ ગુજરાતનાં ૩૩ જિલ્લાનાં પેરાલીગલ વોલીન્ટીયર્સોમાંથી શ્રી પ્રબોધ મુનવરની ગુજરાતનાં બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર તરીકે પસંદગી થઈ હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ

તા.૨૫-૦૬-૨૦૧૭ ના રોજ અષાઢીબીજ કચ્છી નવું વર્ષ આવતું હોવાના કારણે ઘણા મહાજનનોની વિનંતી ને ધ્યાન માં લઈ વડોદરામાં યોજનાર સેમીનાર મુલત્વી રાખવામાં આવેલ છે. પ્રોગ્રામની નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે.

લિ.સેક્રેટરી-શ્રી મુકેશ માણેકજી લોડાયા

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી ઉલ્હાસ રમેશ લોડાયા** (PS 201) | બી-૧, ન્યુ અનંત ભુવન, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જીદ, મુંબઈ-૪૦૦ ૦૦૯. મો.: ૯૮૨૧૨ ૯૯૦૭૭ |
| **વિપુલ લક્ષ્મીચંદ પોલડીયા** (PS 2050) | એ/૨, ૯૬ ન્યુ કૃષ્ણ ધામ કો.હા.સો., ૪થે માળે, બેંક ઑફ બરોડની ઉપર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૮૩૩૦ ૬૦૬૬૦ |
| **ગિરીશ અમરશી મોતા** (PS 7311) | EMP/35/101, યૂરેનસ કો.હા.સો., ઠાકુર વિલેજ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૧. મો.: ૯૮૧૯૫ ૪૮૦૫૭ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૨૪-૦૨-૧૭ | અમદાવાદ | જીનાંગ, હર્ષદા નવીન જૈન | રાજસ્થાન | પુત્ર |
| | મુલુંડ | દોહિત્ર : ઉર્મિલા જયચંદ ધરમશી | લાલા | |
| ૨૦-૦૪-૧૭ | ભાંડુપ | જીયાંશી, નીતા યતિન ધનજી લાલકા | વારાપધર | પુત્રી |
| | | **અંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૨૩-૦૫-૧૭ | ઘાટકોપર | અંકિત વિજય દેવજી ખોના | તેરા | ૨૫ |
| | ઘાટકોપર | ખુશ્બૂ સુરેશ મેઘજી સત્રા | ભચાઉ | ૨૫ |
| | | **અંતરજ્ઞાતિય સગપણ છૂટા થયા** | | |
| ૧૯-૦૫-૧૭ | કૉટનગ્રીન | રાજ જગદીશ સોમૈયા | ભદ્રેશ્વર | ૨૭ |
| | વડાલા | પ્રિયંકા પંકજ હંસરાજ શાહ (લોડાયા) | મોટી ખાવડી | ૨૭ |
| | | **લગ્ન** | | |
| ૦૪-૦૫-૧૭ | ડોમ્બીવલી | ધર્મેશ સોમચંદ મુલજી મોતા | રાપરગઢ | ૪૦ |
| | ચિંચવડ | માલા વસનજી લખમશી લોડાયા | કોઠારા | ૩૬ |
| ૨૨-૦૫-૧૭ | ખિરકિયા | સુમીત લલિત મૂલજી નાગડા | લાલા | ૨૭ |
| | નાગપુર | વૈશાલી ચંદ્રકાંત વેલજી પોલડીયા (પટેલ) | ડૂમરા | ૨૪ |
| | | **મરણ** | | |
| ૨૧-૦૫-૧૭ | મુલુંડ | હીરાબેન પુનશી દેવશી લોડાયા | જખૌ | ૮૩ |
| ૨૧-૦૫-૧૭ | જલગામ | મીનાબેન મીનેશ મુલજી નાગડા | લાલા | ૪૭ |
| ૨૧-૦૫-૧૭ | મુલુંડ | તરલાબેન મણીકાંત હીરજી ધુલ્લા | જખૌ | ૭૦ |
| ૨૪-૦૫-૧૭ | હુબલી | ભરત મેઘજી હેમરાજ લોડાયા | સાંયરા | ૬૬ |
| ૨૫-૦૫-૧૭ | બાગલકોટ | લલીતા (અનુપમા) દિનેશ હેમરાજ નાગડા | સાંધાણ | ૬૯ |
| ૨૫-૦૫-૧૭ | મુલુંડ | સરલા મણીકાંત લોડાયા | નલીયા | ૬૮ |
| ૨૫-૦૫-૧૭ | મુલુંડ | શરદ દામજી મોમાયા | સાંયરા/ગાંધીધામ | ૭૮ |
| ૨૫-૦૫-૧૭ | મુલુંડ | નારાણજી માંયા ધુલ્લા | બાંયઠ | ૯૨ |
| ૨૬-૦૫-૧૭ | ચિંચપોકલી | મંજુલા લાલજી લાપસીયા | દલતુંગી | ૬૭ |
| ૨૬-૦૫-૧૭ | ઈન્દોર | જયાબેન ગુલાબચંદ વિશનજી (ધરમશી) પટેલ | જખૌ | ૭૮ |
| ૨૬-૦૫-૧૭ | ડોમ્બીવલી | ખેતશી શિવજી લાલકા | વારાપધર | ૮૬ |
| ૨૬-૦૫-૧૭ | અંજાર | ખેતશી મેઘજી ધરમશી | તેરા | ૯૦ |
| ૨૭-૦૫-૧૭ | મુલુંડ | સરલાબેન જયંતીલાલ દંડ | ભરૂડીયા | ૭૦ |

**Shining Star** *of*

# MEGHJI HEMRAJ LODAYA

## PARIVAR



## SANDEEP UDAY LODAYA - (B. Com, CA)

Hearty Congratulations to our Dear Sandeep for successfully completing his Chartered Accountancy (CA) course and becoming a new Chartered Accountant in the horizons of Hubballi. Sandeep, you have always made all of us proud by your academic and extra curricular achievements. You were a **School topper in 10th Boards, a District topper in 12th Boards.** You were awarded the **"Best Boy of the year"** in your college and secured **10th rank in B.Com to the Karnatak University.** You are a good badminton player and a passionate sportsperson.

**Sandeep is presently working at Price Waterhouse Coopers (PwC), Bengaluru.**

*The Parivar wishes you a bright and successful career & future.*

We are sure that you will continue to climb that ladder of success and achieve big things in your life.

### -: Best Wishes :-

**Dadi-Dada :- MADHURI SHANTILAL LODAYA** (Sayera-Hubballi)

**Nani-Nana :- CHANDANBAI DUNGARSHI SONI** (Sayera-Jalgaon)

**Mummy-Daddy :- VANDANA UDAY LODAYA** (Sayera-Hubballi)

*& The entire Lodaya and Soni Parivar.*

# હાર્દિક અભિનંદન !



**Ku. Isha Nitin Lapasia**

has been promoted to
Manager in Andromedia Pvt. Ltd.
(Ahmedabad)

Date of Birth : 23.7.1992

**ભવિષ્યમાં પણ આપ પ્રગતીના ઉચ્ચ શિખર પ્રાપ્ત કરો એવી પ્રાર્થના એવમ્ શુભાશીષ !**

દાદાણાં પરિવાર
સ્વ. હીરજી શામજી લાપસિયા (દલતુંગી-ઉદયપુર)
નાનાણાં પરિવાર
હીરાચંદ વેલજી નાગડા (નાંદેડ-તેરા)

98288 42226 - 93525 05783

## કેડીઓ ક્લાસિક દ્વારા મનહર ઉધાસનો કાર્યક્રમ



તા. ૧૪.૫.૨૦૧૭ ના રોજ કેડીઓ ક્લાસિક દ્વારા ગઝલ સમ્રાટ મનહર ઉધાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મનહરભાઈએ રજુ કરેલા ગુજરાતી ગઝલ અને ગીતોને ઉપસ્થિત શ્રોતાઓએ આનંદથી માણ્યા હતા. શ્રી મનહર ઉધાસ તથા તેમના ધર્મપત્ની મીનાક્ષીબેનનું કેડીઓ ક્લાસિકના પ્રમુખ એડવોકેટ મીનલબેન ખોનાના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું.

વિશેષ નોંધ : કેડીઓ ક્લાસિક દ્વારા વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન ઉત્કર્ષ નિધી અંતર્ગત ૪૨ દરદીઓના મોતીબિંદુ ઓપરેશન કરવામાં આવ્યા હતા તથા ૯૭ દરદીઓની દાંતની સારવાર કરવામાં આવી હતી.

## દ્વિતીય પુણ્યતિથિએ સ્મૃતિ વંદના

જન્મ
૩૦.૧.૧૯૪૪



દેવ શરણ
તા. ૨૯/૫/૨૦૧૫

**સ્વ. માતુશ્રી કસ્તુરીબાઈ તિલકચંદ મોમાયા (ભઠારા)**

છોડી અમારો સાથ ગયા છે પ્રભુની પાસ, અમ હૈયે કેવલ સ્મૃતિનો સંગાથ
માની મમતાનું એક બિન્દુ અમૃતના સમુદ્ર કરતા વધારે મિઠું હોય છે.
પળે પળે તમારી યાદ આવે છે, યાદ આવી આવીને રડાવી જાય છે.
સ્વિકારજો અમારી - સ્મૃતિ વંદના





માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા (ભઠારા) પરિવાર (નલિયા - રાયપુર)
માતુશ્રી ભચીબાઈ લખમશી રાઘવજી મૈશેરી પરિવાર (નાની સિંધોડી- રાયપુર)

**જીવન સાથી - તિલકચંદ ડુંગરશી મોમાયા**

દિકરી જમાઈ - કલ્પના રમેશ લોડાયા, વીણા જવેરચન્દ લોડાયા, મનિષા દિપક લોડાયા, યોગિતા મનિષ લોડાયા
દોહિત્રી જમાઈ - નેહા ગૌરવ દંડ, નિયતિ જીગ્નેષ મૈશેરી, નીરલ સંકેત લોડાયા
દોહિત્ર દોહિત્રી - મિહિર, ફેનિલ, દર્શન, જીનિશા, ટીશા, ભૂમિ

# ક.દ.ઓ નારી શક્તિનું અનન્ય દૃષ્ટાંત તરલાબેન મણિકાંત ધુલ્લા



પ્રતાપ એક્સલન્સીના નામે પ્રખ્યાત કેટરર્સ શ્રી મણિકાતં હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ)ના સહધર્માચારિણી અને અનેક સંસ્થાઓમાં મહત્વની ભૂમિકા ભજવનારા શ્રીમતી તરલાબેન મણિકાંત ધુલ્લાના રવિવાર તા.૨૧-૫-૧૭ના દેહાંતથી કચ્છી દશા ઓસવાલ સમાજે ઊંડો આઘાત અનુભવ્યો.

તરલાબેને જીવનસાથીના સંઘર્ષકાળમાં એમને સબળ ટેકો આપી કેટરીંગ ક્ષેત્રની ટોચની હસ્તી બનવા પ્રેરણા અને પીઠબળ પૂરા પાડ્યા પછી સેવાકાર્ય પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

તેમણે મુલુંડની અગ્રણી મહિલા સંસ્થા ક.દ.ઓ.સર્વોદય મંડળ-મુલુંડ મહિલા વિભાગના ૧૦ વર્ષ સુધી પ્રમુખ રહી તેના વિકાસમાં પાયાની ભૂમિકા ભજવી હતી.

કચ્છી દશા ઓસવાળ સમાજની સાધન સંપન્ન મહિલાઓ સામાન્ય ગૃહિણીઓને સહાયરૂપ થતી પ્રવૃત્તિ કરે એવા સેવા પ્રેરક વિચારને આધારે સ્થપાયેલ પરબ સંજીવની સંસ્થાના તેઓ સ્થાપક સભ્યોમાંથી એક હતા.

ક.દ.ઓ.સમાજની પોતાના સભ્યો માટે વિવિધ મનોરંજક આયોજન કરવા સાથે આંખોની સંભાળ/સારવાર ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરનારી સંસ્થા કે.ડી. ઓ.ક્લાસીકમાં તેઓ પ્રારંભથી સક્રિય હતા અને તેમણે તેના પ્રથમ મહિલા પ્રમુખ થવાનું માન મેળવ્યું.

તેમણે અરિહંત કો-ઓપ બેંકમાં બે મુદત સુધી ડાયરેક્ટર તરીકે સેવા આપી હતી.

બધાને સાથે રાખવાની ભાવના ઉપરાંત તેઓ દરેક કામ ચીવટપૂર્વક થાય તેના આગ્રહી હતા.

તેમણે ભલભલાને નાસીપાસ કરી દે તેવી ગંભીર માંદગીનો હિંમતપૂર્વક સામનો કરી છેલ્લા શ્વાસ સુધી અનોખી હિંમતનું દૃષ્ટાંત પૂરું પાડ્યું.

## સ્નેહાંજલિ



જન્મ
૧૨.૨.૧૯૪૭

દેહ વિલય
તા. ૨૧/૫/૨૦૧૭

**શ્રીમતિ તરલા મણિકાંત ધુલ્લા**

" હતા પ્રત્યક્ષ તમે કાલે; અને આજે છો યાદોમાં,
તમે આપી હતી ક્ષણ - ક્ષણ; તે મનને અતિ ગમે છે"

**આપનું સુમધુર સ્મિત અને સૌમ્ય સ્વભાવ અમારા હૃદયમાં સદા અંકિત રહેશે.**

- આપનો 'પરબ' પરિવાર

# શ્રદ્ધાંજલિ



જન્મ
૨૮/૪/૧૯૩૯

અરિહંતશરણ
૭/૬/૨૦૧૬

## સ્વ. મેઘજીભાઈ રામજી પોલડીયા

માતા **માનબાઈ** પિતા **રામજીભાઈ**ના નાના સુપુત્ર આપ શ્રી **મેઘજીભાઈ** બાલપણે પિતાનું શિરછત્ર ગુમાવ્યું. નલિયા બાર્ડિંગ અને મુંબઈમાં ભણી આપે નોકરીની ઓફર ફગાવી. મા અને માતૃભૂમિની સેવા અર્થે રૂ ની નોકરી અપનાવી. સંતાનોમાં સુસંસ્કાર રેડી માતાની નિસ્પૃહતાથી સેવા કરી આપે આપની હર એક ફરજ નિભાવી. ૬ વર્ષ માટે ખામગામ રહ્યા બાદ પણ હૈયામાં માતૃભૂમિનો મોર થનગનાટ કરતો હતો અને પુનઃ બાયઠ આવી આદિનાથ-વીરસ્વામી-સોદેવ પીરના આપ ભોળીયા ભગત સાથે સુગુરૂ-વડિલો-આઈ આશાપુરાનો હાથ આપ પર સદા કાળ અમી આશિષ વરસાવતો રહ્યો.

ન રોવું, ન રોવડાવવું, મૃત્યુ પછી શોક કે પ્રાર્થના ન રાખવી, એ કુ પ્રથા કાઢવા પ્રયાસ કર્યો. કચ્છમાં રહી અને જીવી બતાવ્યું.

અંત સમયે સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજીની હિતશિક્ષાએ સા. શ્રી હંસાવલીશ્રીજીની પધરામણી સા. શ્રી વીતરાગશીલાશ્રીજી દ્વારા અંતિમ પચ્ચખાણ આરાધના વેવાઈ શ્રી ગીરીશભાઈની અનુમતિથી આવેલ દીકરી અ.સૌ. ભાવિનીના મુખે ઉવસ્ગહરમ્ અને નવકાર આપને ઉતારી ગયો ભવપાર.

વ્હાલા પિતાજી, આપની યાદ....

લબ્ધિની આંખોમાં અમી બનીને પલકને ભીંજાવસે

મનના સૌમ્ય-ભાવ-વિરતીનો મેહુલો વરસાવસે

નીલેશ-નીલમને આપની હિતશિક્ષા સદા યાદ આવશે.

મંજુલાબેન - પોલડીયા - મોમાયા પરિવારને ખોટ યાદ આવશે.

લિ.

માતુશ્રી માનબાઈ રામજી વીસનજી પોલડીયા (પોલીસ પટેલ પરિવાર)

શા. લાલજી વીસનજી પોલડીયા (બાયઠ)

માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા (નલીયા) ભઠારા

## આદરણીય વેવાણશ્રીને આદરાંજલિ



# સ્વ.તરલાબેન મણિકાંત ધુલ્લા

(ગામ : જખૌ - મુલુંડ)

જન્મ : ૧૨-૦૨-૧૯૪૭ • અરિહંત શરણ : ૨૧-૦૫-૨૦૧૭

જેમની વાણીમાંથી વાત્સલ્યની વીરડી છલકાતી,
જેમની સંગાથે માધુર્યનો મહિમા અનુભવાતો,
એવા શાંતમૂર્તિ વેવાણશ્રીના સંગાથે,
એમના સુમધુર સંભારણા હરહંમેશ હૃદય સ્મૃતિમાં અંકિત રહેશે
પ્રભુ એમના આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના...

: લિ. શોકમગ્ન :

**જયશ્રીબેન કિશોર શીવજી મોતા પરિવાર**

અ.સૌ. મારીશા હાર્દિક મોતા
ચિ. ચારૂદત કિશોર મોતા (ગામ લાલા)
જયશ્રી રાજેશ કાનજી લોડાયા (ગામ સુથરી)



## ભાવભરી ભાવાંજલિ



# અ.સૌ. તરલાબેન મણિકાંત ધુલ્લા

(ગામ : જખૌ - મુલુંડ)

જન્મ : ૧૨-૦૨-૧૯૪૭ • અરિહંત શરણ : ૨૧-૦૫-૨૦૧૭

જીવનમાં સદાય પ્રેમના દીપ પ્રગટાવ્યા,
વ્હાલપના વાદળ હેત સભર વરસાવ્યા,
સ્મૃતિમાં આપના લાગણીભીના સંભારણા,
વહે છે અવિરત આપના આદરતણા અમીઝરણાં...
પ્રભુ એમના આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના...

: લિ. શોકાતુર :

અ.સૌ. કલ્પના હંસકુમાર મૈશેરી
અ.સૌ. દક્ષા મુકેશ મૈશેરી
અ.સૌ. મીના લહેરચંદ મૈશેરી
અ.સૌ. કૃપાલી પ્રિયાંક મૈશેરી
ચિ. કેવીન, ચિ. રાજ, ચિ. લક્ષીત,
ચિ. કાવ્યા, ચિ. પહેલ
અ.સૌ. પાયલ હેમાંગ મોતા
અ.સૌ. ખુશબુ રોમલ શાક
અ.સૌ. રેશ્મા વિવેક દંડ
ગં.સ્વ. ચેતના પિતાંબર લાલજી ખોના (સાંધવ)
પ.પૂ. સાધ્વીજી સંયમગુણાશ્રીજી મ.સા.

**માતુશ્રી માનબાઈ દામજી ખીંચશી મૈશેરી પરિવાર (લાલા)**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (29-05-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# KDO Shri KDO Jain Gnati Mahajan Mumbai

અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

*Organised*

## APTITUDE TEST

## GLIMPSES

**DATE :**
**23rd April 2017**

**Participated**
**100 Students**

**Venue**
**Shri Virji Ladhabhai KDO Jain Vidyarthigruh**
**Shri Bhawanji Arjan Khimji Educational Campus**
Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086.



if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,